# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.15 - Issue 06
June 2022
Price 12/-

प्रेरणा



**માતેશ્વરી જગદંબા સરસ્વતી**

સ્મૃતિદિવસ ૨૪-૬-૧૯૬૫

प्रेरणा



**આદરણીય સરલાદીદીજી**

સ્મૃતિદિવસ ૬-૬-૨૦૧૯

## INTERNATIONAL
## YOGA DAY



વ્યારા બાજીપુરા ખાતે 'આત્મનિર્ભર કિસાન સંમેલન'માં મામલતદાર ભ્રાતા દીપકભાઈ, તાલુકા પ્રમુખ જસુબેન, કૃષિ વૈજ્ઞાનિક પંડયાભાઈ, બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. કનુભાઈ તથા અન્ય.



ધારીમાં 'કિસાન સંમેલન'માં માર્કેટીંગ યાર્ડના ચેરમેન મનસુખભાઈ, પોલીટેકનીક એગ્રીકલ્ચરના આચાર્ય મનસુખભાઈ, કિસાન સંઘના પ્રમુખ લાલજીભાઈ, જિલ્લા BJP ઉપપ્રમુખ ભૂપતભાઈ, બ્ર.કુ. ભારતીબેન.



બાલાગામ ખાતે 'આત્મનિર્ભર કિસાન સંમેલન'માં જિલ્લા પંચાયતના સભ્ય વનિતાબેન વાઢેર, જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ પ્રવીણભાઈ, હાઈસ્કૂલ કેળવણી મંડળના પ્રમુખ ધીરુભાઈ અને બ્ર.કુ. ગીતાબેન.



ગોધરામાં 'આત્મનિર્ભર કિસાન સંમેલન'માં જિલ્લા ખેતીવાડી અધિકારી ભ્રાતા દીપકભાઈ રબારી, ટ્રાયબલ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ. ગિરીશ પટેલ, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. શૈલેષભાઈ.



ખેડામાં 'આત્મનિર્ભર કિસાન અભિયાન'માં તાલુકા પ્રમુખ હેમાબેન, સરપંચ ઉમેશભાઈ, દૂધમંડળીના ચેરમેન કૌશિકભાઈ, અમૂલ ડેરીના માર્કેટીંગ ચેરમેન સાગરભાઈ, બ્ર.કુ.તરૂબેન, બ્ર.કુ.દક્ષાબેન.



બારડોલીમાં 'આત્મનિર્ભર કિસાન અભિયાન'માં TDO ભ્રાતા દીપેશભાઈ, ખેડૂત સમાજના પ્રમુખ કિરણભાઈ, ઉપપ્રમુખ મુકેશભાઈ, BJP કિસાન મોરચાના મીનેશભાઈ, બ્ર.કુ. અરૂણાબેન.




સુરતમાં 'આઝાદીના અમૃત મહોત્સવ'માં સમાજના અગ્રણી વસંતભાઈ ગજેરા, પૂર્વ મેયર અસ્મિતાબેન, ડૉ. પ્રફુલ્લભાઈ, હરેકૃષ્ણ એક્સપોર્ટના મેનેજર હેમંતભાઈ સાથે બ્ર.કુ. ફાલ્ગુનીબેન.



રાજકોટ મેહુલનગરમાં 'રક્તદાન તથા સર્વરોગ નિદાન કેમ્પ'માં સમાજસેવા ગ્રુપના ચેરમેન ચિરાગભાઈ, ભ્રાતા રાજેન્દ્રભાઈ, PI કૈયાબેન, ડૉક્ટર્સ ટીમ સાથે બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. ચેતનાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૫ જૂન - ૨૦૨૨ અંક : ૦૬

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- ધર્મનું આંતિરક, સૂક્ષ્મ અને બાહ્ય ..........તંત્રી સ્થાનેથી ..04
- ભાવના અને નિશ્ચય ....................બ્ર.કુ. જગદીશચંદ્ર ..05
- બ્રહ્માકુમારી જગદંબા સરસ્વતી .....બ્ર.કુ. ભગવતીપ્રસાદ ..08
- યજ્ઞ માતા જગદંબા સરસ્વતી ..................................11
- બેલેન્સ ....................................બ્ર.કુ. નરેન્દ્રભાઈ ..16
- શાંતિના દિવ્ય પારસમણિ .................બ્ર.કુ. હેમંતભાઈ ..20
- બોલની બોલબાલા..........................બ્ર.કુ. લીલાબેન ..25
- દિવ્યદર્શન ...................................બ્ર.કુ. નંદિનીબેન ..30
- પ્રસંગ પરિમલ ...................................................32
- જૂન માસની વૈવિધ્યપૂર્ણ મહાનતા ...........બ્ર.કુ. પાયલ ..33
- સંગમયુગની શબ્દાવલી .........................................34



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

**આવશ્યક નોંધ**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# ધર્મનું આંતરિક, સૂક્ષ્મ અને બાહ્ય સ્વરૂપ

વિશ્વમાં આજે અનેક ધર્મો છે. આ ધર્મોના અનેક અનુયાયીઓ છે. વિભિન્ન ધર્મોની અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, ઉત્સવો, ઉજવણીઓ થતાં રહે છે. અનેક પ્રવચનો, સત્સંગો, સપ્તાહો થાય છે. ધર્મના નામે અઢળક ધન ખર્ચાય છે. અનેક પુસ્તકો છપાય છે. અનેક સામયિકો પ્રગટ થાય છે. આ બધું જોતાં વિશ્વમાં પરિવર્તન થવું જોઈએ. માનવમાં દિવ્યતા પ્રગટવી જોઈએ. હિંસા, અશાંતિ, વેરઝેર હોવા છતાં પણ દિનપ્રતિદિન અપરાધોનું, હિંસાનું, અશાંતિનું પ્રમાણ વધતું જાય છે. ત્યારે અનેક પ્રશ્નોની હારમાળા જન્મ્યા વગર રહેતી નથી.

ધર્મની વાતોમાં ગહનતાપૂર્ણ વિચાર કરતાં એટલું અવશ્ય જણાય છે કે મહદ્અંશે લોકોએ ધર્મને માત્ર એક સાધન તરીકે જ અપનાવ્યો છે. ધર્મનું ગુહ્યતાપૂર્ણ સૂક્ષ્મ અર્થઘટન કરી જીવન સાથે તેનું તાદાત્મ્ય સાધવાનો પ્રયાસ અલ્પસંખ્યામાં થયો છે. માનવે જે આભાસી, બાહ્યાચરણની એક સૃષ્ટિ સર્જી છે તેમાં ધર્મને પણ તેણે તે રીતે જોયો છે.

માનવનું એક આંતરિક જીવનદર્શન છે. બીજું બાહ્ય જીવનદર્શન છે. તે રીતે ધર્મનું પણ એક આંતરિક સૂક્ષ્મ સ્વરૂપ છે. બીજું છે બાહ્ય સ્વરૂપ. આજે આંતરિક સ્વરૂપ ભૂલાઈ ગયું છે. પવિત્રતા, સદાચાર, શ્રેષ્ઠ ચારિત્ર્ય, નૈતિકતા, દિવ્યગુણોની ધારણા, પરોપકાર, દાન, દયા આદિ જે શાશ્વત મૂલ્યો છે તેની ધારણામાં માનવ ઊણો ઊતર્યો છે. કારણ કે આ સમયમાં તે તેને અઘરું લાગે છે. તે સીધા ચઢાણ જેવું લાગે છે. વિકારો - કષાયોના વધતા જતા પ્રભાવ સામે માનવી હારી જાય છે. થાકી જાય છે. કર્મેન્દ્રિયોની ચંચળતા સામે તે ઝૂકી જાય છે. વિશ્વના વહેતા પ્રવાહ સાથે ચાલવાનું તે પસદ કરે છે. ધર્મ માટે ત્યાગ, તપસ્યા, સાધના કરવાની તેનામાં હિંમત રહી નથી. તેથી ધર્મના યથાર્થ આચરણ, ધર્મની યથાર્થ પરિભાષાના ફલ સ્વરૂપે જીવનમાં આવતા દિવ્યગુણો તેનામાં દેખાતા નથી. સર્વ પ્રત્યે સમભાવ ભાઈચારાની ભાવના તેનામાં આવતી નથી. આંતરશુદ્ધિ તેના માટે કપરી સાધના બની જાય છે.

એકબાજુ ભૌતિક સુખોની લાલસા છે. વિષયો તરફની પ્રબળ, આસક્તિ છે. ઉપભોગની વૃત્તિ છે. તો બીજી બાજુ બળતામાં ઘી હોમાય તે મુજબ તેની વૃત્તિઓની ચંચળતામાં વૃદ્ધિ કરે તેવાં દૃશ્ય-શ્રાવ્ય સાધનો, પ્રકાશનો ઉપલબ્ધ છે. તેનો નિરંકુશ ઉપયોગ વધતો જાય છે. તેથી માનવ ધર્મના આત્માને જાણવા છતાં તે પ્રમાણે આચરણ કરી શકતો નથી.

ધર્મનું બીજું સ્વરૂપ બાહ્યાચારનું છે. આજે પ્રભુપ્રેમી ભક્તો વ્રત, જપ, ઉપવાસ, સરિતાસ્નાન, કથાવાર્તાનું શ્રવણ, તીર્થસ્થાનોનાં દર્શન આદિ ધાર્મિક ક્રિયાઓમાં-કર્મકાંડોમાં ભાગ લે છે. પણ ધાર્મિક ક્રિયાઓ સમજપૂર્વક, આધ્યાત્મિક રહસ્યો જાણીને કરવી જોઈએ. આપણે જે કંઈ કાર્યો કરીએ તે સમજપૂર્વકનાં. શ્રદ્ધાપૂર્વકનાં, સાચા હૃદયથી અને શુદ્ધભાવથી કરીએ. તે દ્વારા આપણી વૃત્તિ પણ બદલાય તે જરૂરી છે. વૃત્તિમાં વિશાળતા અને વિશ્વકલ્યાણની ભાવના પ્રગટે. તો જ વ્રતની સાર્થકતા ગણાય. જપમાં એકાગ્રતા જળવાય અને વ્યર્થ વિચારો દૂર થાય તે જરૂરી છે.

(અનુસંધાન પેજ નં. 07 પર)

# ભાવના અને નિશ્ચય

## બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



ભાવના ઘણી મોટી ચીજ છે. મોટાઓ પ્રત્યે આદર રાખવો, સાથીઓ પ્રત્યે સહયોગી બનવું અને નાનાઓ પ્રત્યે સ્નેહ બતાવવો - આ સૌ ભાવના ઉપર આધારિત છે. જો ભાવના નથી તો આમાંનું કંઈ કરી શકતા નથી જીવન શુષ્ક લાગે છે. સંબંધોમાં મીઠાશ હોતી નથી. જીવન નીરસ થવા લાગે છે. ચીડિયાપણું વધતું જાય છે. શરીર પણ બીમાર શા માટે પડે છે? એનામાં કોઈને કોઈ ચીજનો અભાવ હોય છે. એટલે ડોક્ટર કહે છે કે ફલાણી ચીજને વધારો. ફલાણી ચીજ ઓછી કરો. એ રીતે આત્મામાં જ્ઞાન, શક્તિ, અનુભવ સર્વ હોવા છતાં પણ જો તેમાં ભાવના નથી તો તે યોગ્ય લાગતું નથી. ભાવના એવી ચીજ છે જે પથ્થરને પણ પાણી બનાવી દે છે.

### આ આપણી સભ્યતા છે.

આપ જુઓ, આપ જ્યારે ઈશ્વરીય પરિવારને મળો છો તો આપને કેવી લાગણી થાય છે? આ ભવિષ્યના દેવી દેવતાઓ છે. જોવામાં ગમે તેવા લાગે પણ દૈવી આત્માઓ છે ને! ભગવાનના બન્યા છે. એમણે ત્યાગ કર્યો છે. દુનિયાના સર્વ રસોનો, સુખોનો ત્યાગ કરીને બાબા (પરમાત્મા)નાં બન્યાં છે. એમને સન્માન આપવું જોઈએ. એમની સાથે પ્રેમ અને શાંતિથી વર્તાવ કરવો જોઈએ. આ આપણી સભ્યતા છે. જો કોઈ રાષ્ટ્રપતિભવન જાય છે તો ત્યાંના લોકો શું કરે છે? એમને પ્રેમથી બેસાડે છે. પહેલાં પાણી આપે છે. પછી ચા વગેરે આપે છે. એમનો સત્કાર કરવામાં આવે છે. તે ત્યાંની ઔપચારિકતા છે. જે પણ રાષ્ટ્રપતિભવનમાં મહેમાન બનીને જશે એમને સન્માન આપવામાં આવશે. એવા એમના નિયમ બનેલા છે. કોઈ રાષ્ટ્રના રાષ્ટ્રપતિ આવે છે તો એનું શું કરવાનું છે, કોઈ દેશના રાજદૂત આવે છે તો એમની સાથે કઈ રીતે વર્તવાનું છે વગેરે નિયમ બનેલા છે. ઈશ્વરીય પરિવારને જોઈને આપણે પરસ્પર ખુશ થવું જોઈએ. આ ધરતીના સિતારાઓ છે. ભવિષ્યના દેવતાઓ છે, ત્યાગી, યોગી, જ્ઞાની બ્રાહ્મણ દેવતા છે. આપણે એ ભૂલી જઈએ છીએ એટલે એકબીજા સાથે આત્મીયતા ઓછી થઈ જાય છે. સર્વ આત્માઓ તો સિતારાઓ છે જ. પરંતુ બ્રાહ્મણ આત્માઓ તો એવા સિતારાઓ છે જેમને બ્રહ્માબાબાએ શરૂઆતમાં જોયા હતા. ઉપરથી બે સિતારા ઉતરે એમાંથી કોઈ રાજકુમાર રાજકુમારી બની જતા. બ્રહ્માબાબાને એમ કહેવામાં આવ્યું હતું કે તમારે આવી દુનિયા બનાવવાની છે. આ સંગમયુગના બ્રાહ્મણ કુલભૂષણ આત્માઓ છે જેઓ ભવિષ્યના પૂજ્ય દેવી-દેવતા બનનાર છે.

આપણે લોકો (બ્રહ્માવત્સો) જ્યારે પરસ્પર મળીએ છીએ અને વાતો કરીએ છીએ તો આપણને જોઈને લોકો ચકિત થઈ જાય છે. તેઓ વિચારે છે કે આમની મળવાની રીતભાત કેટલી સારી છે. પરસ્પર કેટલા પ્રસન્નતાથી મળે છે. એકબીજાને સન્માનથી જુએ છે. મેં સ્વયં જોયું છે લોકો આપણને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. આ આપણી નવી સભ્યતા, નવી સંસ્કૃતિ, આ દેવી-દેવતાઓની ઝલક છે. બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) પરિવારમાં જ જોવા મળે છે. એકદમ દેવી દેવતાઓ

ક્યાંથી આવી જશે? અહીં એમના જેવાં લક્ષણ જોવા મળશે તો ત્યાં જઈને દેવી દેવતાઓ બનશે. એ સારું છે કે હું આત્મા છું. હું બીજાઓમાં પણ આત્મા બિંદુને જ જોઉં છું. આત્મા બિન્દુમાં શું જોઈએ? એ જોવાનું છે કે આ વિશેષ આત્મા છે. જેને ભગવાને પસંદ કરેલ છે. સ્વયં જ્ઞાનના સાગર ભગવાને એની બુદ્ધિમાં જ્ઞાન ભર્યું છે. ભગવાને એને કેટલો પ્રેમ આપ્યો છે. એમના મૂલ્યને પણ આપણે સમજવું જોઈએ. એકબીજાનો સત્કાર કરવો એ બ્રાહ્મણકુલની સંસ્કૃતિ છે. એમાં ભાવના સમાયેલી છે.

ભાવના હોય છે તો ઘણું બધું થાય છે. માનવ સર્વ કાંઈ કરવા માટે અને ત્યાગ કરવા માટે પણ તૈયાર થઈ જાય છે. આપ રોજ બાબાની મુરલી, અમૃતવાણી સાંભળતાં હશો. આ પ્રકારે દુનિયામાં કોઈ પણ આત્મા સંભળાવતો નહીં હોય. લૌકિકમાં મેં પણ ઘણા સંત-મહાત્માઓ, બુદ્ધિજીવીઓનાં ભાષણો સાંભળ્યાં છે. પુસ્તકો વાંચ્યાં છે. પણ એમાં શબ્દોનો ચમત્કાર હોય છે, બોલવાની કલા હોય છે, આકર્ષક કરે તેવા હાવભાવ હોય છે. બાબાની એક મુરલીમાં એટલી બધી વાતો હોય છે, એટલું બધું જ્ઞાન હોય છે અને એવા ભાવથી બાબા કહે છે કે હું ચેલેન્જ કરીને જણાવું છું કે દુનિયામાં ક્યાંય બીજે આવી વાણી છે જ નહીં. જેમને ભાવના નહીં હોય એ કહેશે કે બાબા રોજ રોજ કહે છે પોતાને આત્મા સમજો અને મુજ બાપને યાદ કરો. કોઈ એવા પણ બ્રાહ્મણ (બ્રહ્માવત્સો) છે જે એમ કહે છે કે ફલાણા આચાર્યનાં પુસ્તકો વાંચો, એમની કેસેટ સાંભળો, ફલાણા સ્વામીજીનાં પુસ્તકો વાંચો. ફલાણા તત્ત્વચિંતકનાં દર્શન અને ચિંતનનાં પુસ્તકો વાંચો. ફલાણા આશ્રમનું આધ્યાત્મિક મેગેઝિન વાંચો. ચોક્કસ એમના ભાષણ અને લેખોમાં સારા શબ્દોનો ઉપયોગ થયો હશે. શબ્દોનો રણકાર હશે, ભક્તિ માર્ગની વાતો, વાર્તા, ટુચકાઓ, દૃષ્ટાંત ઘણાં હશે પરંતુ એમાં ત્યાગ કરાવાની શક્તિ, દિવ્યતા ભરવાની શક્તિ, જીવન સુધારવાની શક્તિ, જીવન પરિવર્તિત કરવાની શક્તિ, સૃષ્ટિના આદિ, મધ્ય, અંતની જાણકારી વગેરે હોતું નથી. તે ફક્ત ભગવાનની વાણીમાં છે. બીજા કોઈમાં નહીં.

બ્રહ્માબાબા, જેઓએ પોતાનું તન ભગવાનને ઉધાર આપ્યું છે. તેઓ કહે છે કે 'હું પણ આપના જેવો વિદ્યાર્થી છું. હું પણ બાબાની મુરલી સાંભળું છું. હું પણ બાબાની બાજુમાં જ બેઠો રહું છું. સૌથી પહેલાં હું જ સાંભળું છું. હું પણ પુરુષાર્થ કરું છું.' જુઓ કેટલી ઉંચી ભાવના છે કે બ્રહ્માબાબા પણ પોતાને આપણા જેવા એક સાધક અને વિદ્યાર્થી સમજે છે. જ્યાં સુધી ભાવના નહીં હોય ત્યાં સુધી અનુભવ થશે નહીં. કેટલાક લોકો કહે છે કે 'જગદીશભાઈ, બાબાએ કાલે પણ તે કહ્યું હતું, આજે પણ તે વાત જ કહે છે.' હું કહું છું, આપે ભાવનાયુક્ત બનીને મુરલી સાંભળી નથી, એટલે આપને આવું લાગે છે. ભાવના આત્માને ગ્રહણ કરવા યોગ્ય બનાવે છે. જેનાથી પ્રાપ્તિ થાય છે. ભાવના ન હોવાને કારણે મન ગહનતામાં ગયું નથી, જ્ઞાનની ગહનતાને સમજ્યું નથી. શું આપ મુરલી સાંભળીને આનંદિત થાઓ છો? ગદગદ થાઓ છો? રિફ્રેશ થાઓ છો યા એવું સમજો છો કે બાબા તો એનું એ જ સંભળાવે છે.

## ભાવના શું છે? નિશ્ચય શું છે?

જ્યારે બાબા મુરલી સંભળાવવા બેસે છે. ત્યારે સ્વયં બાળકોને કહે છે કે તમે મને જોશો નહીં. મુરલી સંભળાવનાર હું નથી, તે છે ઉપરવાળા, ધની, જ્ઞાનના સાગર. કહેવાનો ભાવ એ છે કે સર્વ શક્તિવાન શિવબાબા બ્રહ્માના તનમાં પ્રવેશ કરીને મુરલી સંભળાવે છે. આ ભાવના

રાખો. નિશ્ચય એ છે કે બુદ્ધિમાં સમજી લીધું કે આ બરાબર છે. મેં માની લીધું. સ્વીકાર કરી લીધો. મેં સમજી લીધું. ભાવનામાં શ્રધ્ધા છે, પ્રેમ છે. ભાવનામાં બીજી કેટલીયે બાબતો છે જે નિશ્ચયમાં નથી. નિશ્ચય તો આપણી પાયાની ચીજ છે. નિશ્ચય જરૂર જોઈએ પણ નિશ્ચય સાથે બીજી કેટલીક બાબતોની જરૂર છે. આપણે આત્માઓ છીએ. પરમાત્માનાં સંતાન છીએ. પરમાત્મા પરમધામ નિવાસી છે, સર્વવ્યાપી નથી. આ નિશ્ચય છે. હે બાબા, મારું જીવન તમારું છે. હું તમારા ઉપર કુરબાન છું. આ ભાવના છે. બ્રાહ્મણ આત્મામાં સેવા, ધારણા, યોગ અને જ્ઞાન નંબરવાર હોય છે. શા માટે? કારણ કે ભાવના નંબરવાર હોય છે. ભાવનાના આધાર પર જ પુરુષાર્થ અને પદનો તફાવત હોય છે. જે રીતે દાદીજીનો છે. દાદીજી વિશે આપ સમજો છો કે દાદીજી આદિ રત્ન છે, સારાં જ્ઞાની છે, મહાન યોગિની છે. ત્યાગી છે, સરળ છે, સર્વનાં સ્નેહી છે. આ છે નિશ્ચય. પણ દાદીજી મહાન છે. બાબાએ જ એમને નિમિત્ત બનાવ્યાં છે. એ ફેંસલો બાબાનો છે. કારણ કે એ બાબાના સ્થાન પર બેઠાં છે. બાબાએ જ એમને પોતાના આસન પર બેસાડ્યાં છે. એમની દરેક વાત અમને મંજુર છે, આ ભાવના છે.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 04નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી**

ઉપવાસ માત્ર આહાર નિષેધ ન બની રહે પણ બુદ્ધિ પરમાત્મા સાથે જોડાય. આત્મા ઉચ્ચ સ્થિતિમાં પરમાત્માને યાદ કરે.

માત્ર સરિતા સ્નાનથી જ પાવન ન થવાય. સાચું જ્ઞાન જ, યોગ જ આત્માના મેલને - વિકારને ધોઈને પવિત્ર, સ્વચ્છ બનાવી શકે. કથાવાર્તા સાંભળીને તેને જીવનમાં ધારણ કરવાનો પુરુષાર્થ કરીએ. દેહરૂપી મંદિરને સ્વચ્છ, પવિત્ર બનાવવું તે જ સાચી તીર્થયાત્રા છે. ધાર્મિક કર્મકાંડો એ સાધન છે. તે સર્વ સાધનો આપણી સાધનાને કેટલી વિકાસોન્મુખ બનાવે છે તે તપાસવાની જરૂર છે.

વાસ્તવમાં ધર્મ ભરણપોષણનું સાધન ન બનવો જોઈએ. ધર્મ સત્તાના નશામાં ન આવવો જોઈએ. ધર્મ સાત્ત્વિકતા શીખવે, સદાચાર શીખવે, દિવ્યગુણોની મૂર્તિ બનાવે. સર્વ પ્રત્યે સમભાવ શીખવે. જેનાથી વિચાર, વાણીને વર્તન, જીવનની પ્રત્યેક ક્રિયા દિવ્યતા અને માનવતાથી ભરપૂર બને. આજે જ્યારે ચૈતન્ય માનવમંદિરો ભૂખ્યાં છે, રોગી - દુઃખી - ખંડેર છે ત્યારે માનવો જ ચૈતન્ય મંદિરો બને તેવો પુરુષાર્થ એજ ધર્મનો પ્રાણ છે.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

- **જીવન એવી રીતે ગોઠવો કે સત્વ ખીલતું રહે. કુદરતે જે પરિસ્થિતિ આપી છે તેને સહજ સ્વીકારો. સ્થિતિ બદલાય એટલે જગત બદલાય. જે કર્મ કરવાથી આપણો અને બીજાનો જીવ બળે તે પાપ કર્મ.**
- **જાગવાનું લક્ષ્ય હોય તો બીજાને જવાબદાર ઠરાવવાની આદતમાંથી મુક્ત થવું જરૂરી છે. મને પીડા થઈ તો હું જ જવાબદાર અંદર જોઈ લેવું.**
- **ભીતર જાગૃતિ વધે, શુદ્ધ સત્તાની આડે આવેલાં આવરણો હટે તો પ્રેમ, ધ્યાન, શાંતિ, મસ્તી, આનંદની અનુભૂતિ થઈ શકે અને અંતે સ્વરૂપ દર્શન થઈ શકે. જાગૃતિ વધારવા સઘન પ્રયાસો કરવા પડે. જીવંત આશ્રમો અને જીવંત જાગૃત ચેતનાઓનું માર્ગદર્શન લેવું પડે. અતૃપ્તિ તો જ મટે.**

# બ્રહ્માકુમારી જગદંબા સરસ્વતી માતેશ્વરીજી

## બ્ર.કુ. ભગવતીપ્રસાદ, પટણા

જ્યારે હું બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંપર્કમાં પહેલી વાર આવ્યો હતો. ત્યારે મેં બ્રહ્માકુમારી બહેનોના અનુભવને આધારે ભાગવતની વાસ્તવિક અમરકથા (સાપ્તાહિક કોર્ષ) સાત દિવસ સુધી સાંભળી અને ઘણો પ્રભાવિત થયો. જ્ઞાનનાં બાણ મર્મ સ્થળ સુધી પહોંચી જતાં હતાં. અને હું એ વિચારવા માટે તૈયાર થઈ જતો કે આ જ એક માત્ર સત્ય છે. પરંતુ 'કલ્પવૃક્ષની જેમ ગીતાના ભગવાન પુનઃ અવતરિત થઈને પ્રાયઃ લોપ ગીતાજ્ઞાન આપી રહ્યા છે અને કલિયુગનો વિનાશ અને સતયુગની સ્થાપનાની તૈયારી કરાવી રહ્યા છે.' આ ઊંચી વાતો માનવામાં ક્યારેક હૃદય સાથ આપતું નહોતું. પછી ભલે મસ્તિષ્ક સાથ આપે. મસ્તિષ્ક તો પ્રભાવિત થઈ ગયું હતું પણ હૃદય હજુ સુધી અસ્પર્શ રહ્યું હતું.

કેટલાક મહીનાઓ પછી મેં સાંભળ્યું કે જગદંબા માતેશ્વરી સરસ્વતીજીનું શુભાગમન પટણામાં થવાનું છે. જ્યારે જ્યારે અનુભવી બહેનો તથા ભાઈઓ દ્વારા હું માતેશ્વરીની ઘણી મહિમા સાંભળતો હતો ત્યારે મારા મનમાં ક્યારેક હાસ્ય આવતું હતું કે આ લોકો જલદીથી વિશ્વાસ મૂકે તેવા અને ભોળા છે. હું હૃદયહીન અવિશ્વાસુ તથા જડ સંસ્કારોવાળો હતો અને સ્વયંને ઘણો દલીલબાજ સમજતો હતો. માતેશ્વરીજીના સાક્ષાત્કાર (રૂબરૂ મુલાકાત) પહેલા હું એમને 'મમ્મા' શબ્દથી સંબોધન કરતો નહોતો. 'સરસ્વતી' શબ્દથી પણ સંબોધન કરવામાં સંકોચ પામતો હતો. એમ વિચારતો હતો કે અન્ય સંસ્થાઓની જેમ એ કંઈક ઊંચા સ્થાને હશે.

### માતેશ્વરીજીનું અલૌકિક અને સ્નેહસભર વ્યક્તિત્વ



માતેશ્વરીજીની મુલાકાતની પળો આવી પહોંચી. જ્ઞાનગર્ભમાં તડપતાં બાળકોને મધુર હાલરડાં સંભળાવી (જ્ઞાનની વાતો કહી) નવજીવન અર્પિત કરવા માટે ડિસેમ્બર માસની એક પ્રભાતવેળાએ જગદંબાજીનું પટણાની ધરતી પર આગમન થયું. થોડા સમય બાદ મમ્મા ક્લાસના આસન (સંદલી) પર બિરાજમાન થયાં. નયનો દ્વારા અવ્યક્ત રૂહાની-આત્મિક મિલન થયું તો એવું અનુભવ્યું કે જાણે કોઈએ મારા અણુ-પરમાણુઓમાં એક દૈવી ચેતના એક દૈવી સ્ફૂર્તિ ભરી દીધી હોય. પછી તો હું એકાગ્રચિત્તે જોતો જ રહ્યો. દેવત્વની કાલ્પનિક પ્રતિમા સાકારમાં સજીવ થઈ ગઈ. એવું લાગતું હતું કે કોઈ માનવી નહીં. દેવી બેઠાં છે. યોગમયી મમ્માની દરેક ભાવમુદ્રામાંથી એક દિવ્યતાની, અલૌકિકતાની ભાસના જણાતી હતી. એ તેજોમયી દેવીના અલૌકિક પ્રેમની કરૂણાનાં આધ્યાત્મિક શક્તિનાં કિરણો પથરાઈને ચારે તરફ સૌને તરબોળ કરતાં પ્રોત્સાહિત કરતાં હોય એવું લાગતું હતું. તેઓ અતિશય ગંભીર પણ હતાં તો પ્રેમના સાગરશાં પણ હતાં. એ જગત-જનનીનાં નેત્ર એટલાં ચપળ હતાં કે સૌને એમ જ લાગતું હતું કે મમ્મા અમને જ દૃષ્ટિ આપી રહ્યાં છે. અમારા આત્મામાં જ શક્તિ ભરી રહ્યાં છે. એમનાં નેત્ર એટલાં તેજસ્વી હતાં કે સર્વ કાંઈ ભેદીને સીધાં આત્માને જ જોતાં હતાં. પ્રેમ અને વાત્સલ્યની

ધારાઓ એ નયનોમાંથી વરસી રહી હતી. એમની વાણીનું માધુર્ય ભૂલી શકાય તેવું નહોતું. હું ત્યાં બેસીને એ વિચારતો હતો કે શું કોઈ માનવી આવી અમૃતભરી વાણી બોલી શકે. બીજું તો ઠીક પણ મમ્માના મૌન અને મલકાટમાં પણ અજબ જાદુ લાગતો હતો. જે ગમે તેવા હૃદયને પણ ખેંચી લેતો હતો. જગદંબાનું વર્ણન કરતાં પહેલીવાર તુલસીદાસની આ પંક્તિ પ્રત્યક્ષરૂપમાં સામે આવી ગઈ કે 'ગિરા નયન અનયન, બિનુ વાણી.' અર્થાત્ વાણીને આંખો નથી અને આંખોને વાણી નથી. હમણાં સુધીના અસ્પૃશ્ય હૃદયમાં પ્રેમમયી માનો કેવળ સ્પર્શ જ થયો નહોતો પણ હૃદય માના પ્રેમથી અચ્છાદિત બની ગયું હતું.

બધો સંશય સમગ્ર અવિશ્વાસ, બધી જ મૂંઝવણ ચાલી ગઈ. મનમયૂર આનંદવિભોર બનીને નાચી ઉઠ્યો અને સાચેજ આ કામધેનુ જગદંબા સરસ્વતીજી જ છે જેઓ કલ્પવૃક્ષની નીચે બેસીને તપસ્યા કરી રહ્યાં છે તથા કલ્પવૃક્ષની નીચે બેઠેલા અન્ય સૌ રૂહાની વત્સોની આધ્યાત્મિક કામનાઓને પૂર્ણ કરી રહ્યાં છે. એવી અનુભૂતિ થઈ. પહેલાં ક્યારેય 'મા' શબ્દ મુખમાંથી નીકળતો નહોતો પણ આજે, 'મમ્મા મમ્મા' કહેતાં જીવ ધરાતો નહોતો. બાળકથી માંડીને વૃદ્ધ સુધીને ઈશ્વરીય ગોદના બાળક સમજીને માતૃત્વ સુધા વરસાવનાર તેઓ જગત જનની જ હતાં. મનને જીતી લેનાર શીતળામાંની નિકટમાં બેસતાં એમ થતું હતું કે જન્મ જન્માન્તરના વિકારોની આગ શાંત થતી જતી હતી અને અતીન્દ્રિય સુખની એક ભાસના અનુભવવા મળતી હતી.

## માતેશ્વરીજીનાં બે કલ્યાણકારી રૂપ

મમ્મા એક બાજુ આધ્યાત્મિક પાલના કરવા માટે પ્રેમરૂપિણી જગદંબા હતાં તો બીજી તરફ વિકારોની બલિ-ભોગ લેનાર રૌદ્રરૂપિણી કાલી પણ હતાં, એમનાં બંને રૂપો પ્રત્યક્ષ જોવા મળ્યાં. અજ્ઞાનકાળમાં હું આનંદને શોધી રહ્યો હતો પણ આનંદસાગર પ્રભુથી વિમુખ બનીને આનંદની રણભૂમિ માયાની મૃગ મરીચિકામાં અટવાઈ ગયો હતો. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારમાં આનંદની ઝલક જોતો હતો અને એ સૌ તરફ દોડતો હતો. પણ મળતું હતું ઘોર દુઃખ જ. આ દુઃખદાયી વિકારોની બલિ લેવા માટે મા કાળીએ કહ્યું અને મેં પણ સહર્ષ મારા આસુરી જીવનની બલિ મા પર ચડાવી દીધી અને મરજીવા જન્મ લઈ હંસવાહિની માનો એક બાળક-પાવન રાજહંસ બન્યો. પછી તો એ વીણાવાદિનીએ મારી જીવન વીણા પર જ મધુર જ્ઞાન-રાગ વગાડ્યા જેથી આજે પણ મારું જીવન સંગીતમય છે. હૃદયરૂપી વીણા આજે ઝંકૃત છે.

## આધ્યાત્મિક શક્તિનો સ્ત્રોત મમ્મા

બાલબ્રહ્મચારિણીજી શ્રી માતેશ્વરીજી આધ્યાત્મિક શક્તિનું ઝરણું હતાં. તેઓ ઈર્ષ્યા દ્વેષ માન-અપમાનથી પૂર્ણ રીતે મુક્ત બનીને નિરંતર સ્વરૂપસ્થ રહીને પતિતપાવન, સદા જાગતી જ્યોતિ ધરમપ્રિય પરમપિતા પરમાત્મા શિવની સહજ સ્મૃતિમાં સ્થિત થઈ ચૂક્યા હતાં. ગીતાના ભગવાનના 'મનમનાભવ'ના આદેશને એમણે પૂર્ણ રીતે હૃદયમાં ઉતારી દીધો હતો અને એમની સ્થિતિ નિરંતર નિર્વિકલ્પ સમાધિની હતી. માયાની ભૂમિકામાંથી તેઓ તદ્દન મુક્ત થઈ ગયાં હતાં અને મન, ધનથી પૂર્ણરૂપે પરમાત્મા શિવના રુદ્ર જ્ઞાન યજ્ઞમાં સ્વાહા થઈ ગયાં હતાં. બીજાઓની જેમ તેઓ પણ પ્રજાપિતા બ્રહ્માની માનસપુત્રી હતાં પણ જ્ઞાનયોગમાં અતિશય ઉચ્ચ અવસ્થાને લીધે યજ્ઞ-માતાના ઉચ્ચતમ પદ ઉપર પ્રતિષ્ઠિત થયાં હતાં. તેઓ જે લાડથી, પ્રેમથી

બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓની આધ્યાત્મિક પાલના કરતાં હતાં તે વિશ્વના ઈતિહાસમાં અજોડ છે. એમણે પરમાત્મા શિવના કાર્યમાં સહાયક બનીને અબળાઓને શક્તિમયી બનાવી. જેઓ માયા રાવણ સામેના યુદ્ધમાં સિંહનાદ કરતાં હતાં. અને રામ રાજ્ય લાવવા માટે પ્રતિજ્ઞાબદ્ધ હતાં. અજ્ઞાન અંધકારમાં ઠોકરો ખાતા માનવમાત્રની સાચી રુહાની સેવા માટે કરુણાથી દ્રવીને જગદંબાની આ શક્તિ સેનાએ સમગ્ર ભૌતિક સુખોને, કલિયુગી લોકલાજ, માન-મર્યાદા વગેરેને તિલાંજલિ આપી. તેથી તો આ ભારતમાતાઓ અથવા શક્તિઓનું આટલું ગાયન છે અને સ્વર્ગની સ્થાપના કરવા માટે જ્ઞાન સાગર પરમાત્મા શિવે એમના મસ્તક પર જ્ઞાનામૃતનો કળશ રાખ્યો છે.

શક્તિસેનાનાં સેનાની જ્ઞાનેશ્વરી, આદિ-દેવી, જગદંબા શ્રી સરસ્વતી સમગ્ર કલ્પમાં તેઓ પહેલા આત્મા છે કે જેઓએ કર્મોની ગહન ગતિને સમજીને વિકર્મોના અભેદ ચક્રવ્યૂહને ભેદ્યો અને અવ્યક્ત સ્થિતિ પ્રાપ્ત કરી કર્મબંધન રહિત બની અવ્યક્ત ફરિસ્તા બની માનવમાત્રની બેહદની સેવા કરવા માટેનું જગદંબાનું મહાન કાર્ય આજે પણ તેઓ કરી રહ્યાં છે. આધુનિક યુગના એક ચિંતક અને સાધક અરવિંદે પણ કહ્યું છે કે માતા જ સર્વ કાંઈ કરે છે. તે જ સાધકને પાર ઉતારે છે. એટલું જ નહીં ભગવાનની પ્રાપ્તિ માટે માતાજ મધ્યસ્થતા કરે છે જે અનિવાર્ય છે. તેથી એમણે માનવ માત્રને માતૃમુખી બનવાનો સંદેશ આપ્યો. એમની સમક્ષ આત્મનિવેદન કરવાનું કહ્યું. આજે પ્રત્યક્ષ રૂપમાં જગદગુરુ પરમપિતા પરમાત્મા શિવ દ્વારા માતા ગુરુની મહિમા સ્થાપિત થઈ ચૂકી છે.

## માતેશ્વરીજી એક જ્વલંત દૃષ્ટાંત

વ્યસ્ત જીવનમાં રહેવા છતાં પણ આપણે કઈ રીતે યોગયુક્ત રહી શકીએ છીએ તેનું જ્વલંત ઉદાહરણ માતેશ્વરીજી હતાં. એમના દર્શન માત્રથી મનની તામસિકવૃત્તિઓ શાંત થઈ જતી હતી અને મનુષ્ય પરસ્પરના નાના મોટા મતભેદોને ભૂલી જતા હતા. પૂર્ણ શ્વેત વસ્ત્રધારિણી શ્રી સરસ્વતી અંદર બહારથી પૂર્ણ શ્વેત હતાં. તેથી જ તો ભક્તિ માર્ગમાં એમની મહિમા છે.

યા કુન્દેન્દુ તુષારહાર ધવલા યા શુભ્ર વસ્ત્રાવૃતા....

એ બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓનું પરમ સૌભાગ્ય છે. જેઓએ જગતપિતા અને જગદંબાની પ્રત્યક્ષમાં પાલના લીધી છે. પરંતુ સ્વધર્મમાં સ્થિત થઈ તથા દેવભૂમિ ભારતને ખોવાયેલું ગૌરવ ફરીથી પાછું અપાવવાની મહાન જવાબદારી આપણા શિરે છે. અવ્યક્ત પ્રેરણા દ્વારા આ કાર્યને સત્વરે પૂર્ણ કરવા માટે શ્રી માતેશ્વરીજી અવ્યક્ત થયાં છે. તેથી એમના પ્રત્યે આપણી સૌથી મોટી શ્રધ્ધાંજલિ એ છે કે આપણે પ્રતિજ્ઞા કરીએ કે એ વીણાવાદિનીની અતિપાવન ચૈતન્ય વીણા બનીએ જેમાંથી માત્ર સુખદ તથા શીતલ ઈશ્વરીય સ્વર જ નીકળે, માયાના કુસ્વર નહીં.

॥ ઓમશાંતિ ॥

- **સંકલ્પોના વિસ્તારને, મુખના અવાજના વ્યર્થને સમેટીને સમર્થ અર્થાત્ સારમાં લાવો ત્યારે શાંતિની શક્તિ જમા કરી શકશો. તેનાં અનેક પ્રત્યક્ષ પ્રમાણ જોશો.**
- **કોઈ પણ વાતમાં માંગવાવાળા ન બનો, દાતા બનો, માન, શાન, પ્રશંસા, મોટાઈ વગેરે માંગવાની ઈચ્છા રાખનારને તેની પ્રાપ્તિ નથી થતી. માટે ઈચ્છા માત્રમ્ અવિદ્યા.**

# યજ્ઞ માતા જગદંબા સરસ્વતી



જેમ હાથીમાં ઐરાવત, નદીઓમાં ગંગા, પર્વતોમાં મેરૂ, પુરુષોમાં શ્રીરામ, વનોમાં વૃંદાવન, શાસ્ત્રોમાં વેદ, સતીઓમાં સીતા, દેવોમાં વિષ્ણુ તેમજ સ્ત્રીઓમાં રાધા શ્રેષ્ઠ ગણાયછે. તેમ નારીના વિવિધ રૂપો પૈકી 'માતા'નું સ્વરૂપ સર્વાધિક માનનીય રહ્યું છે.

તેથી તો જગતમાં અનેક કવિ લેખકોએ 'મા'ની મહિમાનાં ગુણગાન મુક્ત મને તેમની કલમથી કંડાર્યા છે. જો તેઓની આ તમામ સાહિત્ય-કૃતિઓના અત્રે સારાંશરૂપમાં પણ ઉલ્લેખ કરવામાં આવે તો જ્ઞાનામૃતનો અંક જાણે ત્રણસો પેઈજની કોઈ નવલકથા બની જાય!

આમ છતાં આંશિક ભાવ કથનોની પ્રસ્તુતિ યોગ્ય ગણાશે. મા એટલે કોણ? આ પ્રશ્નનો પ્રત્યુત્તર કવિ બોટાદકર તેમની સુપ્રસિદ્ધ કાવ્યરચના દ્વારા આ રીતે આપે છે -

'પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે....
જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ.
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો નેહ બારે માસ રે....
જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ.'

એવી જ રીતે ઘણી લોક કહેવતો પણ 'મા'ના મૂલ્યને વાચા આપતી જોવા મળે છે. દા.ત. 'મા તે મા, બીજા વગડાના વા' જેમ 'ગોળ વિના મોળો કંસાર, તેમ મા વિના સુનો સંસાર!' ખરેખર મા વગરની સૃષ્ટિના અસ્તિત્વની કલ્પના પણ કેમ થઈ શકે! એટલે તો કોઈએ કહ્યું છે કે જ્યારે ભગવાન પોતાના કાર્ય હેતુ બધે પહોંચી ન વળ્યા, ત્યારે તેમણે માતાનું સર્જન કર્યું. માતાનો પરમાત્મા જોડે તુલનાત્મક અભ્યાસ કરનારા કવિઓ છે.

'ઉસકો નહીં દેખા હમને
કભી પર ઈસકી જરૂરત ક્યા હોગી?
એ મા! તેરી સૂરત સે અલગ
ભગવાનની મૂરત ક્યા હોગી!
અપના રૂપ દિખાને કો
તેરે રૂપ મેં ખુદ ઈશ્વર હોગા!
જિસકી રચના ઈતની સુંદર,
વો કિતના સુંદર હોગા !!'

### માતૃ મહિમાનું રહસ્ય પાલના શક્તિ

પુરુષની તુલનામાં માતા વધુ સંવેદનશીલ, સહનશીલ, ક્ષમાશીલ, સ્નેહ સંપન્ન, દયાળુ અને ત્યાગમૂર્ત જોવા મળે છે. તેથી તેઓ બાળ ઉછેરની કઠિન કામગીરી બહુ જ સરળતાથી નિભાવી જાણે છે. આમ પાલના શક્તિ એ માતાની અદ્‌ભુત વિશેષતા હોવાથી તો કહેવાય છે કે મા તેવા બેટા અને વડ તેવા ટેટા, જીજાબાઈ, પૂતળીબાઈ તથા રાણકદેવી જેવી અનેક સંતશૂરવીરોની જનેતાઓ હજુ પણ આદરને પાત્ર રહ્યાં છે. અર્થાત્ માતૃ મહિમાની સાર્થકતા આજ સુધી અકબંધ ને પ્રાસંગિક રહી છે.

'ઈન્સાન તો ક્યા દેવતા ભી,
આંચલ મેં પલે તેરે,
હૈ સ્વર્ગ ઈસી દુનિયા મેં -
મા કદમોં તલે તેરે !!'

### પાલનાનું મહત્ત્વ

આપણાં સમાજમાં માતાને બાળકને પ્રથમ

ગુરુ તરીકેનો દરજ્જો આપવામાં આવે છે. અથવા એક માતા બરાબર એક્સો (100) શિક્ષકની ગરજ સારે છે તેવી પણ કહેવત પ્રચલિત છે. કેમ કે ચારિત્ર્યને સંસ્કાર ઘડતર દ્વારા બાળકોના સશક્તિકરણનું ખૂબ અગત્યનું કામ માતા સારી રીતે પાર પાડતી હોય છે.

આમ પણ બાળ ઉછેરમાં કાળજી લેવાનો હેતુ બાળકને સામાજિક દૃષ્ટિએ પગભર ને પરિપક્વ બનાવવાનો પણ સવિશેષ હોય છે. પરંતુ જેટલી વાવણી સહેલી છે. તેટલી છોડ ઉછેરની જાળવણી કરવી કપરી ને પડકારપૂર્ણ સાબિત થાય છે. છતાં છેવટે તેનું પરિણામ અનોખો જ રંગ દેખાડે તેવું બને છે. દા.ત. ભલે અંકુરિત થતાં કોઈ છોડને પ્રારંભિક અવસ્થાએ પશુ-પંખી-જનાવરોથી સુરક્ષિત રાખવા લોખંડના પાંજરામાં પણ કેદ કરવા પડે છે. પરંતુ આ જ છોડ જ્યારે પાલન-પોષણ ને સાર-સંભાળથી વિકસીત થઈ મહાકાય-વટવૃક્ષ બની જાય છે ત્યારે તેના ધડ-મૂળ આગળ ભક્ષણ કરનારાં જનાવરો ખુદ બંધાઈને છત્રછાયા મેળવતાં જોવા મળે છે!

નેપોલિયન, ગાંધીજી, શિવાજી, વિવેકાનંદ જેવા અનેક મહાપુરુષ, વિદ્વાન, પંડિત, સમાજસેવક, સજ્જન, સંત કે શૂરવીર કોઈપણની મહાનતાનું રહસ્ય માતા દ્વારા મેળવેલી બચપણના ઉછેરની જબરજસ્ત પાલનાનો ફાળો પ્રમુખસ્થાને હોય છે.

## યજ્ઞમાતા તરીકે મમ્માની યાદગાર ભૂમિકા

આમ તો પરમાત્માની મહિમા પણ તુમ માતા-પિતા, હમ બાલક તેરે... તુમ્હી હો માતા... પિતા તુમ્હી હો... તરીકે જગજાહેર છે. એટલે નિરાકાર શિવપિતા જ્યારે પરમધામ છોડી, સૃષ્ટિ પરિવર્તનના દિવ્ય કાર્ય હેતુ બ્રહ્માતનમાં પ્રવેશ કરે છે. ત્યારે સૌ પ્રથમ લગભગ ચારસો જેટલાં પ્રભુ-સમર્પિત તપસ્વી બ્રહ્માવત્સોની રચના કરી, તેનું સુંદર સંગઠન તૈયાર કરે છે. બાદમાં આ સાધક વૃંદ ભાઈ-બહેનોના સંસ્કાર-સિંચન તથા તન-મનની સ્થૂળ તથા સૂક્ષ્મ અલૌકિક પાલના માટે શિવબાબા માતેશ્વરી જગદંબાનું ચયન કરે છે. અહીં એક વાત સ્પષ્ટ કરવા જેવી એ છે કે જે સમયે મમ્મા પ્રભુરચિત અહિંસક રૂહાની શિવશક્તિ પાંડવસેનાનાં નિમિત્ત સંચાલિકા અને સરસેનાપતિનું પદ ગ્રહણ કરે છે ત્યારથી નારી ઉત્થાનની ક્રાંતિના શિવપિતા શ્રી ગણેશ કરે છે.

કારણકે આ વેળાનો સમાજ પુરુષ પ્રધાન હતો. જ્યાં નારીનું સ્થાન અને માન અપમાનના આસનમાં તિરસ્કારને પાત્ર હતું. સ્ત્રી વ્યક્તિ નહીં, વસ્તુ તરીકે જોવામાં આવતી. નારીને નર્કનું દ્વાર માની જ્યારે આધ્યાત્મિક ઉન્નતિમાં બાધક રૂપ ગણી ઘોર અનાદર કરી ફગાવી દેવામાં આવેલી ત્યારે દુનિયાના તારણહાર પ્યારા પરમેશ્વરે નંદવાયેલી નારીને નારાયણી પદ પ્રાપ્ત કરાવવા ઈશ્વરીય નવનિર્માણની યોજનાની આગેવાની સોંપી. નવો ચીલો પાડ્યો.

મમ્મા એ તો માત્ર અઢાર વર્ષની તરુણ અવસ્થા એ જ યજ્ઞમાતાની ભૂમિકા અદા કરવાનો પ્રારંભ કરેલો - પરંતુ વ્યક્તિગત નિરંતર પ્રભુ-સ્મૃતિની ગુપ્ત સાધના અને પ્રભુશ્રીમતના તમામ સંકેતોને શાનમાં સમજી, આચરણમાં રૂપાંતરિત કરવાની અદ્‌ભુત કળાના કારણે તેઓ કેટકેટલાં વરિષ્ઠ સાધકોને અતિક્રમી પ્રભુનું અતિપ્રિય - નંબરવન - નમૂનેદાર પાત્ર બની ગયાં હતાં.

## પાલનાનો પડકાર - અશક્યની આરાધના સમાન...

બ્રહ્માબાબા અને મમ્મા એટલે સૃષ્ટિચક્રની

બે મહાન વિભૂતિઓ... કે જેઓ પ્રભુલીલા, પ્રભુની કાર્યક્ષમતા અને પ્રભુની શુભેચ્છા પાછળનું અકળ રહસ્ય પુરી રીતે જાણી ચૂક્યાં હતાં. તેથી વિના વિરોધે પ્રભુએ સોંપેલી યજ્ઞવત્સોની પાલનાની પડકારરૂપ લાગતી કામગીરી સહર્ષ સ્વીકારેલી હતી.

સ્વપરિવર્તન સહિત પ્રકૃતિના પાંચ તત્ત્વોને પણ સતોપ્રધાન બનાવી, સમગ્ર સંસારને સ્વર્ગીય, દેવતુલ્ય દુનિયામાં ફેરવી નાખવો, એ દેખીતા જ અશક્યની આરાધના કરવા જેવું લાગે ! કેમ કે આ ઈશ્વરીય આયોજન બહુ વિશાળ સ્તર તેમ જ અતિ ધૈર્યતા માંગી લે તેવું હતું. કેમ કે પહેલું કારણ તો એ કે પૂરા પાંચ હજાર વર્ષના સૃષ્ટિચક્ર દરમિયાન ચોર્યાશી જન્મ ધારણ કરનાર દેવી-દેવતા કુળના પવિત્રત્તમ આત્માઓ હાલ છેલ્લાં જન્મમાં તો - જ્ઞાન, ગુણ, કળા અને આધ્યાત્મિક શક્તિઓથી સાવ ખાલીખમ, હારેલા, થાકેલા, પતિતને નિર્બળ બની ચૂક્યા હોય છે. એટલે તેઓને પુનઃ સ્વયંની અસલિયતથી વાકેફ કરાવી, જ્ઞાનના મનન ચિંતન દ્વારા ઉમંગ-ઉત્સાહને જોશ જગાવી, આત્મવિશ્વાસની પ્રાપ્તિ કરાવી - સ્વમાન અનુભૂતિના નશામાં સ્થિત કરાવી તથા રાજયોગના સઘન અભ્યાસ થકી શક્તિસંચય દ્વારા સુષુપ્તને સૂક્ષ્મ દિવ્ય શક્તિઓનું પુનઃ ઉત્થાન કરાવી સંપૂર્ણતાના લક્ષ્ય તરફ પ્રગતિવાન બનાવવાની પહેલી પડકારભરી કાર્યવાહી આ હતી. જ્યારે બીજી બાજુ વિભિન્ન સંસ્કારોયુક્ત એકત્રિત થયેલાં સંગઠનને માત્ર ચાર-ચૌદ દિવસ માટે નહીં પરંતુ પૂરા-ચૌદ વર્ષ સુધી એકતાના સૂત્રમાં બાંધી સમૂહ-જીવન જીવવાની સુવ્યવસ્થિત ટ્રેનિંગ આપવાની હતી.

તો ત્રીજી તરફ દરેક સાધક ઉપર ચડેલું ત્રેસઠ જન્મના પાપકર્મનું દેણું - કે ભાર જ્યાં સુધી પ્રચંડ યોગાગ્નિ દ્વારા ભસ્મ અથવા ચૂકતે ન થાય ત્યાં સુધી સાધક હળવાશ કે હાશ અનુભવી સદા માટે પ્રફુલ્લિત ન રહી શકે. પરિણામે ભવિષ્યના એકવીસ જન્મના પ્રારબ્ધનું પુણ્ય જમા કરવાની ખેવના-ઉત્તેજના-રસ કે રુચિ ક્યાંથી પ્રગટ થાય માટે સાધકોને સતત પ્રોત્સાહિત કરી ઉમંગ-ઉત્સાહ ટકાવી રાખવાનું કાર્ય સાવ સહેલું તો નહોતું જ.

આ ઉપરાંત દીર્ઘ દૃષ્ટિ વાપરી જનકલ્યાણ હેતુ આવનારા સમયમાં સ્થાપિત થનારા ઈશ્વરીય સેવાકેન્દ્રોના સંચાલન કરવાની વિધિ, અથવા અચાનક આવી પડતી પ્રાકૃતિક આપદાઓ - મનુષ્યકૃત સર્જાતી વિપરીત પરિસ્થિતિઓ અને આંતરિક માયાવી મનોવિકારોની ઉથલ-પાથલો સામે નિર્ભયતાથી સામનો કરવાનું દૃઢ મનોબળ કેળવવાની તાલીમ આપી અજય મહારથી - શિવશક્તિ - વિજયીરત્નો તૈયાર કરવા એ કોઈ સરળતમ કાર્ય તો નહોતું જ. તદ્ઉપરાંત સંસારની દૃષ્ટિએ અને સન્યાસીઓની નજરે જે અસંભવ લાગે તેવું કપરું કાર્ય.... સંસારમાં રહેવા છતાં, સંસાર આપણામાં ન રહે, અર્થાત્ ગૃહસ્થ જીવનમાં પવિત્રતાની ધારણા કરી, કર્મયોગી બની દરેક કર્તવ્યપાલન કરતાં રહેવાની અત્યંત પડકારરૂપ જવાબદારી નિભાવનાર આદર્શયોગીની કેળવણી આપવી એ તો ખરેખર અશક્યની આરાધના કરવા જેવું જ હતું !

આમ છતાં મમ્મા ને બ્રહ્માબાબાની અવર્ણનીય, અદ્વિતીય અને અતુલનીય પાલનાનું જબરદસ્ત પરિણામ આજે આપણી સમક્ષ છે !

જો તેઓના નામની યાદી સાથે અનુભવોની નોંધ લેવામાં આવે તો આ લેખનું કદ ખૂબ વિસ્તરી જાય, છતાં ટૂંકમાં એટલું કહી શકાય કે મમ્મા-બાબાની પાલનાના અધિકારી આજે કોઈ ઝોન

ઈન્ચાર્જ તો કોઈ વિદેશ ઈશ્વરીય સેવાના સંચાલિકા તો કોઈ ભિન્ન ભિન્ન વિંગ્સના અધ્યક્ષ-પદ શોભાવી રહ્યાં છે.

## મમ્માની મહાનતા

(૧) મમ્મા એટલે પુરુષાર્થના પારસમણિ... જોગાનુંજોગ મમ્માના પહેલાં અને અંતિમ ચોર્યાશીમાં જન્મનું નામ હતું - રાધા. કોકિલકંઠી - મધુર સ્વર સામાગ્રી રાધા ૐની ધ્વનિ દ્વારા જિજ્ઞાસુઓને પ્રભુની રસમગ્ન સ્મૃતિમાં એવાં તો તરબોળ કરી દેતા કે સૌ ધ્યાનાવસ્થામાં ખોવાઈ જતા - જ્ઞાન પિપાસુ, મુરલી ચાત્રક, વિદ્યાદેવી મા સરસ્વતીની જ્ઞાન મુરલી પ્રત્યેની મહોબત પણ અજોડ હતી. મમ્મા દિવસમાં ત્રણવાર જ્ઞાનવાણીનું સરસ અધ્યયન કરતાં - તેમનું મનન-ચિંતન તો અવિરત ચાલુ જ રહેતું એટલે તેઓ કોઈવાર આ જ્ઞાનગુંજનથી થતી પ્રાપ્તિની અનુભૂતિ ગીત દ્વારા પણ કહી ઉઠતા -

'નાચે અંગ-અંગ મુરલી કી ધૂન પર,
ગાયે મન મતવારા,
દિલ પે મોરે તૂને ઓ સાવરિયાં,
કૈસા જાદુ ડાલા
-જીયારા મોરા લૂટા, બાંસુરીયા બજૈય કે.'

મમ્માની દિનચર્યા ખૂબ વ્યસ્ત અને તપસ્યા-સભર રહેતી - તેઓ પ્રાતઃ અમૃતવેળાએ પ્રતિદિન બે વાગ્યે ઊઠી વ્યક્તિગત સાધનામાં ખોવાયેલા રહેતાં, બાદમાં નિત્યક્રમપૂર્ણ કરી, સવારના જ્ઞાનમુરલી સત્સંગ સભામાં પણ બ્રહ્મા બાબાના આગમન પૂર્વે દશ મિનિટ, પરમશિક્ષક શિવબાબાએ ગઈકાલે આપેલા 'હોમવર્ક'ની રીવીઝન પૂર્ણ સમીક્ષા કરતાં - મમ્માની વાણીની એકરસ પ્રવાહિતા તો સાંજના મુકરર થયેલાં રોજના સમય મુજબ 5 થી 6ના ક્લાસમાં જોવા મળતી - ત્યારે તેઓ સવારની જ્ઞાનવાણીના મુખ્ય મુદ્દાઓનું વિગતવાર - જોરદાર પૃથક્કરણ કરી, પ્રભુશ્રીમતને સરળતાથી આત્મસાત કરવાની તીવ્ર તમન્ના સાધકોમાં જાગૃત કરી દેતાં.. વચ્ચેના સમયગાળામાં સેવાકેન્દ્રોમાં પોસ્ટ મોકલવી, પ્રિન્ટીંગ થતી જ્ઞાન મુરલીઓના પ્રૂફ-રીડીંગ ચેકીંગ તથા તાર-ટપાલ કે નિમંત્રણ પત્રના મેટરને અંતિમ રૂપ આપવા જેવી પણ જવાબદારી સસ્મિત નિભાવતાં તેમજ દર સત્ ગુરુવારનો પ્રભુપ્રસાદ - ભોગ મમ્મા જાતે બનાવતાં, મધુબનમાં આવતાં અતિથિઓ કે યજ્ઞવત્સો માટેના ભોજન તથા આવાસ-નિવાસની સંપૂર્ણ કામગીરી અર્થાત્ તમામ વ્યવસ્થા પણ મમ્મા જ સંભાળતા હતાં.

## મમ્મા એટલે મમતાનો ઘૂઘવતો મહાસાગર

દર પૂનમની રાત્રે મમ્મા અખંડ યોગ સાધના દ્વારા પુરુષાર્થમાં નબળા બ્રહ્માવત્સોને મનસા સેવાનું ગુપ્ત યોગદાન પણ કરતાં. કોઈ પણ બાળક વિના સંકોચે - ગમે ત્યારે મમ્માને મળી - સાધનામાં જરૂરી માર્ગદર્શન મેળવી શકતા. અરે ! ઘણીવાર બાળકોને ગોદમાં લઈ 'મેગ્નેટ-ટચ' માની મમતાનો અપાર-પ્યાર ભર્યો સ્નેહ-સ્પર્શ કરી બાળકોમાં એટલી બધી શક્તિનો સંચાર કરી દેતાં જેની વાત ન પૂછો.

## મમ્મા એટલે ધરતીની ચૈતન્ય જ્ઞાનગંગા

સાક્ષાત્ જ્ઞાનરતન ધનથી છલોછલ ઊભરાતી મા મહાલક્ષ્મી - હાજર જવાબમાં હોંશિયાર અને ખતરામાં હંમેશા ખબરદાર રહેનારાં હતાં. વિપક્ષમાં જિજ્ઞાસુ તરીકે ભલે કોઈ કોર્ટના ન્યાયાધીશ હોય, પંડિત હોય કે બુદ્ધિજીવી - વી.આઈ.પી. કક્ષાનો કોઈ ઉચ્ચ અધિકારી હોય - મમ્મા ગમે તેવા તાર્કિક કે દાર્શનિક પ્રશ્નોના તુરંત - નમ્રતાપૂર્વક, ચતુરાઈપૂર્વકને બેધડક

જવાબ દેવામાં ક્યારેય ક્ષોભ ન અનુભવતા. અહીં એક સંક્ષિપ્ત જ ઉદાહરણ રજૂ કરું છું.

1963માં દિલ્હી માલવિયા સેવાકેન્દ્ર ઉપર ડો. માથુર - પત્ની સાથે મમ્માને મળવા આવેલા. તેઓ ખુદ વૈજ્ઞાનિક હોવાથી - નાસ્તિક સમકક્ષ એટલે કે પ્રભુમાં જરા પણ વિશ્વાસ ન ધરાવતાં - તેઓએ મમ્માને મળતાં જ પ્રશ્ન પૂછી નાખ્યો - 'ભગવાન કોણ છે?' - ક્ષણાર્ધમાં મમ્મા બોલ્યા Point of Light - પ્રકાશ સ્વરૂપ - માથુરજી સ્તબ્ધ થઈ ગયા. પછી મમ્માના પ્રત્યુત્તર જોડે સહમતિ દર્શાવી કે હવે વૈજ્ઞાનિકો પણ (Source of Energy) તરીકે ઈશ્વરને માનવા લાગ્યાં છે. - કહી જ્ઞાનનો સાપ્તાહિક કોર્ષ કરી - રાજયોગના તીવ્ર અભ્યાસી બની છેવટે તેમના મકાનમાં જ ઈશ્વરીય સેવાકેન્દ્રનો પ્રારંભ કરાવ્યો.

જેટલા મમ્મા પ્રસન્નચિત્ત કે હર્ષિતમુખ દેખાતા, તેટલાં જ ગંભીરતાને અંતર્મુખતાના માસ્ટર હતા. મમ્માની વ્યક્તિગત સાધના અનુભૂતિની માન્યતા એવી હતી કે જન્મ જન્માંતરથી આપણે બહિર્મુખ બનીને જ જીવ્યા છીએ - હવે જરા આ અંતિમ જન્મને સફળ બનાવવા અંતર્મુખ બની - એકાગ્ર ચિત્તે વધુ ને વધુ પ્રભુમિલનનો લાભ ઉઠાવવો જોઈએ.

મમ્માની સફળતા પાછળના પ્રેરણાદાયી સૈદ્ધાંતિક સૂત્રોને સંયમશીલતાનું ખૂબ યોગદાન હતું. જેમ કે મમ્મા સદા બ્રહ્માવત્સોને પુરુષાર્થમાં ભૂલમુક્ત જોવા માગતાં. તેથી કહેતા - Past is Past, don't repeat same mistake. (એકવાર થયેલી ભૂલની પુનરાવૃત્તિ ન કરવી.)

અર્થાત્ ભૂતકાળના ભાર વગરની અને ભવિષ્યની ચિંતા વિનાની વર્તમાનની પ્રત્યેક ક્ષણમાં જે સાધક સમગ્રતાપૂર્ણ જીવે છે તે સાચો સ્વ-રાજ્ય અધિકારી - સમ્રાટતુલ્ય છે.

મમ્મા કદિ જ્ઞાનીઓની નહીં પણ જ્ઞાન સાગરની ગહેરાઈમાં જવાનું વધારે પસંદ કરતાં, તેથી વ્યર્થ કે પરચિંતન મમ્માની સામે એક સેકન્ડ ઊભું રહી શકતું નહીં.

મમ્મા સદા પ્રભુઆજ્ઞા કે પ્રભુ શ્રીમતના ચુસ્ત પાલક હતા. - 'હુકમી હુકમ ચલા રહા હૈ....' હા - બાબા... જી બાબા.. તે મમ્માનો મૂળ મંત્ર હતો. કારણ કે ભગવાન શું હસ્તિ છે તેની પૂરી પરખ કરનાર પૃથ્વીનાં પહેલાં મહિલારત્ન મમ્મા હતા.

અરે ! પિતાશ્રી બ્રહ્માબાબાને પણ મમ્માએ કદિ સાધારણ માનવી તરીકે નહોતાં નિહાળ્યા - મમ્મા, બાબાનો પૂર્ણ આદર કરતાં.

મમ્મા એટલે

...પ્રભુના પ્રતિનિધિ.
...પ્રભુ નિશ્ચયનો જીવંત નમૂનો.
...પ્રભુ પરિચયનો પર્યાય.
...મહારથીઓની માઁ.
...ઝોન ઈન્ચાર્જની જનની.
...રાધામાંથી અનુરાધા (લક્ષ્મી) બનનાર.
...દર્શનીયમૂર્ત સાક્ષાત મા દુર્ગા.

... આદર્શ યજ્ઞ માતા, કે જેણે ઈશ્વરીય સંતાનોના સુખ અને પાલના કાજે જીવનની અંતિમ ક્ષણો સુધી અર્થાત્ 1956 થી 1964, સતત આઠ વર્ષો દરમિયાન અથક બની ભારત વર્ષનું ભ્રમણ કરી તમામ સેવાકેન્દ્રોની સ્થાપના - પાલના અને સફળતા પાછળ આજીવન યજ્ઞ આહુતિના રૂપમાં સમર્પિત કરી દીધું. એવા પરમવંદનીય - પરમ પ્રેરણામૂર્ત મમ્મા અને પિતાક્ષી બ્રહ્માબાબાને સર્વોચ્ચ સતગુરુ શિવબાબા શા માટે અનુસરવાનું (Follow Father & Mother) કહેતાં, તે સમજ સાધકોને હવે સ-વેળા આવી જ જવી જોઈએ.

**(અનુસંધાન પેજ નં. 24 પર)**

# બેલેન્સ

બ્ર.કુ. નરેન્દ્ર પટેલ, અલકાપુરી, વડોદરા

જીવન એક સાયકલ જેવું છે. તેને પેડલ મારતા રહીએ તો જ આગળ વધાય અને તો જ બેલેન્સ રહે. પ્રગતિ જ માનવને સફળતા અપાવે છે. કોઈપણ ક્ષેત્રમાં સફળતાનો સિદ્ધાંત છે કે પેડલ મારવા, એટલે કે કર્મ કરતા રહેવું. પણ સફળતાની સાથે અનેક ઈષ્ટ-અનિષ્ટ આવે જ છે. એટલે સાવધાન રહેવું પડે. સફળતા આવે, ધનસંપત્તિ - પ્રતિષ્ઠામાં વધારો થાય, ત્યારે જેઓ અત્યાર સુધી આપણી તરફ ધ્યાન આપતા ન હતા, આપણી આસપાસ ફરકતા ન હતા. તેઓ હવે આપણને માન આપતા થઈ જાય, આપણી નજદિક આવવાનો પ્રયત્ન કરવા માંડે અને એટલે અભિમાન આવી જાય, આપણે પણ કાંઈક છીએ એવું માનવા માટે પ્રેરાઈ જઈએ. જીવનમાં સ્વાર્થ વધતો જાય. સાચો સ્નેહ, સાચાં સુખ-શાંતિ, આનંદ, ખુશી ઘટતાં જાય. અન્ય પ્રત્યેની આકાંક્ષાઓ વધતી જાય. પરમાર્થ ઘટતો જાય. સ્વાર્થનું પલડું હતું તેના કરતાં ભારે થતું જાય. સાચી ખુશી - આભાસી ખુશીમાં બદલાઈ જાય. સાચું સ્મિત પ્લાસ્ટીકના સ્મિતમાં બદલાઈ જાય. સુખ સમૃદ્ધિની વચ્ચે વારંવાર દુઃખ-અશાંતિની લહેર આવી જાય. વેપાર-ધંધાના ક્ષેત્રે સફળતા અપાર મળવા છતાંય કુટુંબ, સમાજ, સગા સંબંધીઓ, મિત્રો ભર્યા સમાજ ક્ષેત્રમાં અનેક સમસ્યાઓ, વિટંબણાઓ, મનમુટાવ, કડવાશ ઉભી થાય. મન ઉદ્વિગ્ન રહે, ડીસ્ટર્બ રહે, હતાશ બને. અનેક સંબંધ સંપર્કની વચ્ચે પોતાને એકલા ફીલ કરીએ.

## 'લેના ઓર દેના'નું બેલેન્સ

શિવબાબાએ આપણને સર્વ બાળકોને આદેશ આપેલો છે કે સ્વ-પરિવર્તનથી વિશ્વ-પરિવર્તન - પહેલા સ્વયંને બદલો પછી અન્યને બદલવાનો પ્રયત્ન કરો. એટલે પહેલા પોતાના જ તન, મન, ધનને વિશ્વપરિવર્તન ના કાર્યમાં લગાવો એટલે કે આપતાં શીખવાની જરૂર છે. તનથી અન્યને સુખ મળે તેવાં કર્મ કરો. મનને રાજયોગથી શક્તિશાળી બનાવીને અન્યના જીવનમાં સુખ-શાંતિ-ખુશી પ્રગટે તે માટે મનથી શુભ ભાવનાઓ તથા શુભ કામનાઓના વાયબ્રેશન્સ - શુભ તરંગો ફેલાવો. ધનને અન્યના જીવનમાં આધ્યાત્મિકતા અને રાજયોગના માર્ગે પ્રયાણ કરીને તેઓમાં સકારાત્મક પરિવર્તન થાય તેવી ઈશ્વરીય સેવામાં લગાવો. જીવનમાં જન્મથી લઈને અત્યાર સુધી આપણને અનેકવિધ સ્વરૂપે મળતું જ રહ્યું છે. નાનપણથી યુવાવસ્થા સુધી મા-બાપ, વડીલ, અડોશ-પડોશ તરફથી પ્રેમ-પાલના, શિક્ષકો તરફથી આજીવિકા માટે જ્ઞાન મળ્યું છે. ત્યાર બાદ પણ ઉપરોક્ત સ્નેહીજનો ઉપરાંત મિત્ર- સંબંધીઓ,સમાજ, દેશ તથા પ્રકૃતિના પાંચેય તત્ત્વો તરફથી જરૂરી સંપત્તિ, સહયોગ, આશરો (Shelter), સુખ-શાંતના સાધનો મળતા જ રહ્યા છે. બધું મળ્યું જ છે. હવે આ 'લેના' ક્યાં સુધી? સમાજે જે આપ્યું છે તેનું વળતર 'દેના સ્વરૂપે હવે ચૂકવવાની જરૂર છે. વળી પરમાત્મા તરફથી પણ ઘણું મળ્યું છે. ભગવાનનો સાથ અને હાથ આપણી સાથે છત્રછાયા સ્વરૂપે છે. જીવનની મુશ્કેલ પળોમાં તેમના સાથથી મળેલ માનસિક શાંતિ અને સ્વસ્થતાથી અનેક પરિસ્થિતિઓમાંથી સહજ પાર થયા છીએ. ખોવાયેલી આંતરિક શક્તિઓને તેઓએ જાગૃત કરીને સુખ-શાંતિમય

જીવન બનાવ્યું છે. પરમાત્માના આ અહેસાનને ચૂકવવા માટે પણ આપણે 'દેના' આપવાનું શીખવાનું છે. વળી ભગવાન તો આપણે તેમના કે પરમાર્થ નિમિત્તે આપેલ સર્વનું 'એકનું અનેકગણું' કરીને આપનાર સર્વ સમર્થ છે.

એક વ્યક્તિએ અન્ય ખેડૂત પાસેથી એક ખેતર ખરીદ્યું. આ ખેતર ખેડતા તેને જમીનમાંથી હીરામોતી ઘરેણાથી ભરેલ ચરૂપ્રાપ્ત થયો. તેણે જમીન વેચનાર ખેડૂતને જણાવ્યું કે - 'આ ચરૂમાં ભરેલ સંપત્તિના તમે માલિક છો, કારણ કે તે મારા ખરીદવા પહેલાથી જમીનમાં પડેલ છે.' પેલા ખેડૂતે જણાવ્યું કે - 'ના. આ જમીન તો મેં તમને વેચી દીધી છે. હવે તે મારી નથી. પણ તમારી છે તમે જ તેના હકદાર છો. એટલે તેમાંથી જે પણ મળે તે તમારું જ કહેવાય, મારૂ નહીં.' બંને આ સંપત્તિ લેવા તૈયાર નહતા. હવે બંને મળીને નગરના રાજા પાસે ગયા. તેમને કહે કે તમારા રાજ્યમાં આવેલી આ સંપત્તિ તમારી કહેવાય તો તમે રાખી લો. રાજા પણ કહે છે કે - 'ના, મારાથી ન લેવાય, તમારી પોતાની જમીનના તમે માલિક છો' તેને હું કેવી રીતે લઈ શકું.' નગરના શ્રેષ્ઠી જનો, વિદ્વાનો એકત્રીત થયા અને તેઓએ વિચાર વિમર્શ કરીને કહ્યું કે આ સંપત્તિ, નગરજનોના હિતાર્થે વપરાય.

આમ જ્યાં દેનારા જ દેનારા હોય ત્યાં આગળ સમાજની પ્રગતિ થાય, સમાજ સુખ-શાંતિમય બને, સર્વનું જીવન સુખમય બને. સમાજમાંથી સર્વ પ્રકારના ભેદભાવ, તકરાર, મનમુટાવ, ઉંચાઈ નીચાઈનો અંત આવે.

## Science ભૌતિકતા (વિજ્ઞાન) અને Spirituality આધ્યાત્મિકતાનું બેલેન્સ

વિજ્ઞાનનો જમાનો છે. ભૌતિકવાદ ચારે તરફ ફેલાયેલો છે અને તેની ખૂબ બોલબાલા છે, જીવનમાંથી મૂલ્યો અદૃશ્ય થઈ રહ્યાં છે, આધ્યાત્મિકતા ધીરે ધીરે ઓછી થતી જાય છે તથા પરોપકાર, સહકાર, સહાનુભૂતિ, સમાનુભૂતિનાં ઝરણાં ધીરે ધીરે સુકાઈ રહ્યા છે. એટલે Science અને Spirituality ભૌતિકતા (વિજ્ઞાન) અને આધ્યાત્મિકતાના બેલેન્સ સંતુલનના જીવનમાં સમન્વયની જરૂર છે. એટલે જ કહેવાયું છે કે પૃથ્વી ઉછંગે ઉછરેલ હું માનવી માનવ થાઉં તો ઘણું. માનવને બુદ્ધિશાળી પ્રાણી કહેવાય. પણ બુદ્ધિનો સ્વાર્થ માટે ઉપયોગ થઈ રહ્યો છે. પહેલાના સમયમાં એકના ડબલ કરવાની લાલચ આપીને ઠગતા. સોનાના ઘરેણાને ધોઈને ચમકાવી આપવાની લાલચ આપીને સોનું સેરવી લેતા. હવે ઓનલાઈન અલગ અલગ સ્વરૂપે ઠગાઈ થઈ રહી છે. સાયબર ક્રાઈમ વધી રહ્યા છે. પણ આ જ બુદ્ધિને સત્ય માર્ગે, પ્રામાણિકતાપૂર્વક ધંધો કરીને, પ્રોફેશનનો સાચો અર્થ સમજીને, સ્નેહપૂર્ણ સદ્ભાવ રાખીને, માનવ ઉત્થાન-સમાજ ઉત્થાન માટે કાર્ય કરીને, સુખ-શાંતિમય દેશ-વિશ્વને બનાવવા માટે યોગદાન આપવાની આજે સખ્ત જરૂરત છે. આધ્યાત્મિકતા માનવને મૂલ્યનિષ્ઠ બનાવે છે. પ્રામાણિકતા, સત્યતા, પરોપકાર, નિઃસ્વાર્થ ભાવના માર્ગ પર ચાલવાની શક્તિ પ્રદાન કરે છે.

એક હોસ્પિટલમાં એક યુવાનને લાવવામાં આવ્યો. યુવક ભારે એક્સીડન્ટમાં ખૂબ ઘવાયેલો હતો. ઈમર્જન્સી હતી. નર્સે ડોક્ટરને ફોન કરીને ટૂંકમાં કેસની ગંભીરતા વિષે વાત કરીને જલદી પહોંચવા વિનંતી કરી. ડોક્ટરને આવતા થોડી વાર લાગી. દર્દીના સ્વજનો ઉંચા નીચા થઈ રહ્યા હતા. તેવામાં ડોક્ટર પ્રવેશ્યા. બધા મિત્રો - સ્વજનો ડોક્ટર પર જાણે તૂટી જ પડ્યા. 'તમે તો કેવા ડોક્ટર છો. આટલો ઈમર્જન્સી કેસ અને

તમને તો પડી જ નથી. આરામથી આવો છો. કાંઈ જ માનવતા નથી. આ છોકરાને કાંઈક થઈ ગયું તો તમને અમે છોડીશું નહીં.' ડોક્ટર ચૂપચાપ સાંભળતા રહ્યા. આગળ વધીને તેમણે ડ્રેસ બદલીને ઓપરેશન થીયેટરમાં પ્રવેશ કર્યો. લોહી ખૂબ વહી ગયું હતું, પણ ડોક્ટર કુશળ હતા. શહેરમાં નામાંકિત હતા. પોતાના પ્રોફેશનમાં પ્રવીણ હતા. તેમને કેસને સંભાળીને ઠીક કરી દીધા. હવે પેશન્ટ કાંઈ પણ ખતરાથી બહાર હતો. બહાર આવીને તેમણે કહ્યું - 'હવે પેશન્ટ ઠીક છે. થોડા સમયમાં એનેસ્થેસીયાથી મુક્ત થઈને હોશમાં આવી જશે.' પણ સ્વજનો જેમનું નામ - તેમનો આક્રોશ ઘડ્યો ન હતો. ઉંચા મને સમય પાસ કરતા સ્વજનો ફરીથી તેમના પર તૂટી પડ્યા. અનાપ-સનાપ બોલવા માંડ્યા... 'કાંઈક થઈ ગયું હોત તો શું આવી બેદરકારી રાખો છો.. ' ડોક્ટર ફરીથી ચૂપચાપ ડ્રેસ બદલીને કાંઈ પણ બોલ્યા કે જવાબ આપ્યા વિના રવાના થઈ ગયા. ત્યાં તો નર્સ બહાર આવી. પેશન્ટના સ્વજનો તેને પણ સંભળાવવા લાગ્યા. હવે નર્સે કહ્યું, 'કશું પણ બોલશો નહીં. તમને ખબર નથી કે ડોક્ટર કેવા સંજોગોમાં અહીં આવ્યા હતા. મેં તેમને ફોન કર્યો ત્યારે મને ખબર પડી કે તેમના એકના એક પુત્રનું અવસાન થયું છે. પણ કેસની ગંભીરતા જોતાં તેમણે આવી કન્ડીશન, આવા સંજોગોમાં પણ અહીં આવવાનું સ્વીકાર્યું. ઘરમાં પુત્રનો મૃતદેહ પડ્યો હોય તેવા સમયે મનને મક્કમ રાખીને અન્યના જીવનને બચાવવા માટેનું કાર્ય કરવું કેટલું કઠિન છે, તો પણ તેઓ આવ્યા. જો તેઓ ચાહત તો અહીં આવવાની ના પાડી શકત. સાથી ડોક્ટર બહાર ગામ ગયા છે. એટલે તમારા કેસને બીજી હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવા માટે કહી શકત. પણ તેમણે એવું ન કર્યું.'

જીવનમાં કેટલાક તબક્કા એવા આવી જાય છે જ્યારે આપણે પ્રોફેશનને વફાદાર રહેવા માટે, આપણા કાર્યને નૈતિકરૂપે કરવા માટે કેટલીક જવાબદારીઓ સમજીને કાર્ય કરવું પડે છે. ડ્યુટી અને લાગણીને બેલેન્સમાં રાખીને કાર્ય કરવા માટે ઘણી હિંમત જરૂરી છે. અને સાચે જ આજે જરૂરત છે. જીવનમાં બેલેન્સની.

પ્રગતિ જીવનમાં એક પહાડ પર ચડવા બરોબર છે. પહાડ પર ચડતી વ્યક્તિ નીચે નમીને ચાલે છે, જ્યારે ઉતરતો વ્યક્તિ અકડાઈને ચાલે છે. એટલે નમ્રતા જ પ્રગતિ તરફ, ઉંચાઈ તરફ લઈ જાય છે. જીવનમાં જો અક્કડપન આવી જાય, ઈગો-અભિમાન આવી જાય તો ઉપર તરફ નહીં, નીચે તરફ પ્રગતિ (અધોગતિ) છે એમ જ માનવું પડે. એટલે કદાચ પ્રગતિ થાય તો પણ બાહ્ય જ હોય, અંદર ખાલીપણાનો અહેસાસ થયા કરે. એટલે તે પ્રગતિમાં મૂલ્યો સાથેની બાંધછોડ હોય, જે લાંબા સમયે અધોગતિ તરફ લઈ જાય. આધ્યાત્મિકતા જ મૂલ્યનિષ્ઠ જીવન તરફ લઈ જાય. આધ્યાત્મિકતા જ ભૌતિક જીવન સાથે બેલેન્સ જાળવવાની શક્તિ આપે.

## Lobe (પ્રેમ - સ્નેહ) અને Law (કાયદા)નું બેલેન્સ

Love is the binding force of universe. પ્રેમ જ જગતને એકબીજા સાથે બાંધી રાખે છે. સાચે જ કહેવાયું છે. Love is divine પ્રેમ એ જ દિવ્યતા છે. પ્રેમ એટલે શારીરિક કે વિજાતીય આકર્ષણ નહીં. પ્રેમ ક્યારેય કોઈને બાંધતો નથી. અન્ય પર આધિપત્ય સ્થાપતો નથી. પ્રેમ તો અન્યને ફ્રીડમ સ્વતંત્રતા આપે છે. પ્રેમ એ તો જીવન જીવવાનું પ્રેરક બળ છે. શિવબાબા પણ વારંવાર કહે છે - 'સ્નેહ પથ્થર કો ભી પાની બના

દેતા હૈ.' પ્રેમમાં અન્યને પીગળાવવાની શક્તિ છે. પથ્થર દિલ, લોખંડી દિલ વ્યક્તિને પીગાળીને તેને સકારાત્મક માર્ગે વાળી શકે છે. એક સર્વે બતાવે છે કે 80% criminals (અપરાધીઓ)ને જીવનમાં સાચો પ્રેમ મળ્યો નથી હોતો.

થોડા વર્ષ પૂર્વે એક મોટા બીઝનેશમેનને મળવાનું થયું. થોડી સેવાકીય વાત પછી સેવાકેન્દ્ર પર આવવાનું નિમંત્રણ આપ્યું. તેમણે કહ્યું - 'મારી પાસે થોડો પણ સમય નથી. સવારે વહેલા જ ઘરથી નીકળી જાઉં છું. આખો દિવસ વ્યાપારમાં વ્યસ્તતા પછી મોડી રાત્રે જ પાછો આવી શકું છું. એટલે સેવાકેન્દ્ર પર મુલાકાત નહીં લઈ શકું.' આ મુલાકાતના બે વર્ષ બાદ ફરીથી તેમના ઘર પર જવાનું થયું. તેઓ ઘરે જ મળ્યા, પૂછ્યું હવે તો આપ સેવાકેન્દ્ર પર આવી શકશોને ? તો તેઓ કહે - 'થયું એવું છે કે મારો એકનો એક દીકરો ડ્રગ્સના રવાડે ચડી ગયો છે. અને હવે તે મારી પાછળ પડીને વારંવાર પૈસા માંગે છે. એટલે મારે ઘરે જ રહેવું પડે છે. તેને સુધારવા માટે હું આખો દિવસ તેની પાછળ ગાળુ છું. શરૂઆતના સમયથી જ જો બાળકો સાથે, પરિવાર સાથે થોડો સમય ગાળ્યો હોત, બાળકોમાં જો આધ્યાત્મિકતા, સારા સંસ્કાર આપવા માટે થોડી મહેનત કરી હોત તો આવો સમય ન આવત. ડ્રગ્સના વ્યાપારીઓ કિશોરો તથા યુવાનોને આવી રીતે જ ફસાવે છે. જુઠો પ્રેમ દર્શાવીને કે માબાપ ના તેમની તરફની નફરત, બેધ્યાન પણા, સમય ફાળવી શકવાની અશક્તિનો લાભ ઉઠાવીને તેમને ફસાવે છે. મા-બાપને ખબર પડે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

ઘણા માબાપ બાળકો-યુવાનોને વારંવાર ટોક્યા જ કરે છે. તેના પર ખૂબ વધારે પડતી નજર રાખે છે, તેમના પર ગુસ્સો કરીને કે માર મારીને તેના સંસ્કાર પરિવર્તન માટે મહેનત કરે છે. પણ તેનાથી કદાચ બાળકો ભયભીત બનીને તેમને ગમતું હોય તેવું વર્તન કરે છે. પણ લાંબા ગાળે તેમના મનમાં નફરતના બીજ વવાય છે. તેઓ દૃઢપણે એમ માનતા થઈ જાય છે. કે માબાપને અમારા પ્રત્યે પ્રેમ નથી કે અમારા માટે સમય નથી. જેથી તેઓ અન્ય તરફ વળી જાય છે. નફરત, ભય કે ગુસ્સો નહીં, પણ પ્રેમ જ પરિવર્તન લાવી શકે. એટલા માટે તો હવે ધીમે ધીમે બંધ જેલોને બદલે ખુલ્લી જેલોનો કન્સેપ્ટ આવી ગયો છે. કાયદાથી માનવી કઠોર બને છે. તે સમાજને ધિક્કારતો થઈ જાય છે. અને ક્રિમીનલ-ગુનેગાર, આતંકવાદી બની જાય છે કે વારંવાર નિરાશ થઈ જાય છે, ડીપ્રેશનમાં આવી જાય છે કે આત્મહત્યા કરી લે છે. પ્રેમ દિલમાં કરૂણા, સહાનુભૂતિ પેદા કરે છે. પ્રેમ અધિકાર નહીં પણ અન્ય માટે છોડવાની, ત્યાગની વૃત્તિ ધરાવે છે. એટલે અન્યની નાની-મોટી દુર્બળતા મનમાં રહેતી નથી અને પ્રેમપૂર્વક તેને સમજાવીને સહકાર આપીને દુર્બળતાથી મુક્ત કરી શકે છે.

આમ જીવનમાં કર્મના સિદ્ધાંતોને સમજી. બેલેન્સ સર્જાય તો જીવન સહજ બને. જીવનમાં પરમાર્થ, કરૂણા, પ્રેમ, શુભભાવના- શુભકામના યુક્ત અને સ્વાર્થ રહિત કર્મ થાય. તો સમાજની પ્રગતિ થાય, લાંબા સમય માટે કે શાશ્વત સુખશાંતિનું નિર્માણ થાય. પરમાત્મા પણ સ્વયં અત્યારે આ ધરા પર આવીને આજની સમસ્યાઓથી ઉલઝાયેલી દુનિયાને સમાજને ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગ દ્વારા પરિવર્તિત કરીને નવીન યુગ સતયુગ-સ્વર્ગની સ્થાપના કરી રહ્યા છે. ચાલો તો આપણે સૌ પણ તેમના આ કાર્યમાં રાઈટ હેન્ડ બનીને સહયોગ આપીએ.

**॥ ઓમશાંતિ ॥**

# શાંતિના દિવ્ય પારસમણિ, શાંતિના દૈવી - દાદી શાંતામણિજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

સમગ્ર વિશ્વમાં શાંતિ સાહિત્ય, વિજ્ઞાન અને અર્થશાસ્ત્રના શ્રેષ્ઠ ઉપલબ્ધિ હાંસિલ કરનારને ‘નોબલ પુરસ્કાર’ આપવામાં આવે છે. તેમાં પણ વૈશ્વિક શાંતિ હેતુ આપવામાં આવેલ ‘વિશ્વ શાંતિ પુરસ્કાર’ ખાસ મહત્વ રાખે છે. કેમ કે સદિયોથી શાંતિ હેતુ ક્રાંતિ થતી રહી, પરંતુ એમ છતાં શાંતિ સ્થાપન થઈ નહીં, તો સ્વયં શિવપિતાએ શાંતિ હેતુ રૂદ્ર યજ્ઞ રચ્યો, જેમાં પોતાનું બધુ જ સ્વાહા કરવાવાળા કેમ નથી. પરંતુ જેણે શાંતિની વ્યાખ્યા અને આચરણ દ્વારા જીવનમાં ઉતારી અને શાંતિના ચૈતન્ય દીપસ્તંભ બની સમગ્ર સંસારને સકાશ આપી. એ શાંતિના દેવી દાદી શાંતામણિજીને ભૂલવા અસંભવ છે. દાદી શાંતામણિજીના ઘડીભરના સાનિધ્યથી ક્રોધાગ્નિ શાંત થઈ જતી અને તપતા દિલને ઠંડક મળી જતી, એ શાંતિની પાવન ગંગાએ જન-જનનાં પાપ-તાપ હર્યા, દાદીજી શાંતિના એક જીવંત દ્રષ્ટાંત હતાં. શિક્ષણ જગતમાં ‘શાંતિ’ પર પી.એચ.ડી. કરનાર ખૂબ હશે, પરંતુ શાંત સ્વરૂપ સ્થિતિ દ્વારા નૈન-ચૈન, ચહેરાના હાવ-ભાવ, ચાલ-ચલન, સંકલ્પ-બોલ અને કર્મ દ્વારા શાંતિનો સંદેશ આપનાર દાદી શાંતામણિજી જેવા આદર્શ શાંતિદૂત કોઈ નહીં. મધપુડામાંથી મધ ટપકે એમ દાદીજીના અંગ-અંગ દ્વારા શાંતિનો મધુરસ ટપકતા હતાં. એ શાંતિની પારસમણિની ‘શાંતપ્રભા’ દ્વારા વિખરાયેલી શાંતિની કિરણો આત્માઓને ક્ષણવારમાં અશાંતિથી મુક્ત કરતા.

દાદીજીનો જન્મ સિંઘ હૈદ્રાબાદમાં એક પ્રતિષ્ઠિત, પ્રભાવશાળી પરિવારમાં થયો, પિતા રિઝુમલ સખરાણી અને માતા સતીએ નામ રાખ્યું, ‘લીલા’ દાદીજીના મોટાભાઈ હતા જગુમલ અને ચાર બહેનો હતાં. દેવી, કલા, લક્ષ્મી (સંદેશી દાદી) અને ભગવતી. દાદીના દાદા પ્રતાપ સખરાણી જેઓ પ્રમાણિક,



સરલ અને આસ્તિક વ્યક્તિ હતાં. માતા-પિતા તો જાણે સાક્ષાત લક્ષ્મી-નારાયણની જોડી, બુદ્ધિવાન, મહેનતુ પિતાનો શ્રીલંકામાં સફળ વ્યવસાય હતો, આર્થિક સ્થિતિ સારી હતી. ઘરની એક કોઠરીમાં ગુરૂઘર હતું, જેમાં ગુરૂભક્ત પિતાના આદેશ પર બધા જ પ્રાર્થના કરતાં. માં પ્રતિદિન ગુરૂમુખી, ગ્રંથ, જપ સાહેબ અને સુખમણિનું વાંચન કરીને સમજાવતાં. દાદીને બે માસી હતાં. રોચા (રૂકમણિ) અને ધ્યાની દાદી, તેઓ વિધવા હતાં. જેથી ખૂબ દુઃખી રહેતાં. મા (સતી) બંને બહેનોને આશ્વાસન આપવા પિયર જતાં. એક દિવસ રસ્તામાં જશોદામાતા (દાદા લેખરાજના ધર્મપત્ની) મળ્યા અને પૂછ્યું, ‘કઈ તરફ જવાનું છે?’ તો કહ્યું ભગવાનની વાતો કરી બહેનોને શાંત કરવા, તો જશોદામાતાએ કહ્યું, ‘મનની શાંતિ જોઈએ તો બાબા પાસે આવવાનું.’ ત્યારે માં એ જઈને બાબા દ્વારા ગીતા જ્ઞાન મેળવ્યું. અદ્‌ભુત શાંતિનો અનુભવ કર્યો. બીજા દિવસે તેઓ બહેનોને લઈને ગયા, બાબાએ કહ્યું, ‘આપ આત્મા મનનાં માલિક છો, મનને સુખી અથવા દુઃખી બનાવવું આપણા હાથમાં છે.’ આ સાંભળીને એ રડવાનું ભૂલી ગયા. એક દિવસ દાદી પણ માં સાથે સત્સંગમાં ગયા તો એમને એક બેને આત્માનું

જ્ઞાન સંભળાવ્યું અને ઓમ ધ્વનિ કરી તો દાદીને કમલપુષ્પ પર બિરાજમાન શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર થયા, પરંતુ દાદી સંતુષ્ટ ન થયા, પછી બીજા દિવસે ગયા તો દિવ્યદ્રષ્ટિ દ્વારા શ્રીકૃષ્ણના સ્વરૂપમાં બ્રહ્માબાબાને મેળવીને ભાવવિભોર થઈ ગયા. બાબાએ દેવ લોક, મનુષ્ય લોક, પાતાળ લોકનું ચિત્ર બનાવીને પૂછ્યું? 'ક્યાં જશો' તો દાદીએ કહ્યું 'દેવલોક' બાબાએ કહ્યું દૈવીગુણ ધારણ કરી સંસ્કાર શ્રેષ્ઠ બનાવો. દાદી રોજ સ્કૂલેથી આવતા સમયે સત્સંગમાં જતાં, બાબા જ્ઞાનનું લેસન આપતાં એ હોમવર્ક પૂર્ણ કરીને બતાવતાં. દાદીજી જ્ઞાનામૃત પાન કરીને અપાર ખુશ થતાં. અલૌકિક નશો ચઢી જતો અને દાદીને ઘરે જવાનું મન ન થતું. જેથી તેઓ પ્રભુપ્રીતિમાં એવા રંગાઈ ગયા કે 'મેટ્રિક (10મું) ધોરણ પાસ કરતાં જ લગનથી રૂહાની પઢાઈમાં મગન થઈ ગયા.

દાદીના માસી રોચાની ત્રણ દીકરીઓ હતી. પાર્વતી, રાધે (મમ્મા) અને ગોપી, જ્યારે રાધાએ દુઃખી માં અને માસીના ચહેરા પર રુહાની રોનક અને હર્ષ જોઈને તેઓ પણ માંની સાથે સત્સંગમાં જવા લાગ્યા. બાબાને જોતા જ રાધાએ મહેસુસ કર્યું કે આજ મારા અલૌકિક પિતા છે અને બાબાએ પણ મહેસુસ કર્યું કે આજ મારી અસલી બેટી છે. રાધાનું લક્ષ્ય હતુ કે 'હું એવું કામ કરું સમગ્ર વિશ્વ ગુણગાન કરે.' નૃત્ય, વીણા વગાડવી, ભાષણમાં પણ હોંશિયાર, રાધે દરેક વિષયમાં નંબર વન હતા. એક દિવસ બાબાએ પૂછ્યું, 'બેટી કોટવાળા જોઈએ યા પિતામ્બરધારી (કૃષ્ણ)? 24 કલાકમાં બતાઓ.' તો રાધાએ એક પળનો પણ વિચાર કર્યા વગર પ્રભુપંથ અપનાવ્યો અને 'ઓમ રાધે' કહેવાયા. શિવપિતાએ નામ આપ્યું 'જગદમ્બા સરસ્વતી'. એમને જોતા જ લોકોને લક્ષ્મી, દુર્ગા, અંબાના સાક્ષાત્કાર થતાં હતાં. બાબા ગીત લખતા રાધે સુરીલા અવાજમાં ગાઈ અને અર્થ બતાવતાં. એ દિવસોમાં બાબા કાશ્મીર ગયા તો માતાઓનો સત્સંગ રાધાએ સંભાળ્યો તો બધા જ સ્નેહથી 'મમ્મા' કહેવા લાગ્યા. સંજોગ અનુસાર દાદીના પિતા પણ કાશ્મીર ગયા હતાં. ફરતા ફરતા તેઓ દાદી નિર્મળશાંતાને મળ્યા અને પૂછ્યુ 'પહલગામનો રસ્તો ક્યાં છે?' ત્યારે દાદીએ કહ્યું, 'પહલગામના રસ્તાની ખબર નથી, પરમધામના રસ્તાની ખબર છે.' આવુ કહીને એમને બાબા સાથે મળાવ્યા તો બાબાએ કહ્યું, 'બેટા હું આપને ત્રણ દિવસથી ખોજતો હતો' એ પણ ત્રણ દિવસથી આવ્યા હતાં. પોતાની ઉંમરના બાબા દ્વારા 'બેટા' શબ્દ સાંભળી આશ્ચર્ય થયું કે આ બેટા-બેટા કહેનાર કોણ છે? પછી બાબાએ દ્રષ્ટિ આપી તો તેઓ ધ્યાનમાં ગયા પરમધામનો સાક્ષાત્કાર થયો. એમને પિતા પરમાત્માને મેળવ્યા એવો નિશ્ચય થઈ ગયો. નારાયણી નશો ચઢ્યો કે મેળવવાનું હતું તે મળી ગયું. બાબાના કહેવાથી તેઓ સિંધ ગયા અને કોર્સ કર્યો, જ્યાં એમને વૈકુંઠ, પુરાની દુનિયાના વિનાશ અને 33 કરોડ દેવી-દેવતાઓના સાક્ષાત્કાર થયા. બાબા કાશ્મીરથી આવ્યા તો દાદી શાંતામણીના પિતાએ બધી મિલકત વહેંચી બાબાને અમાનત આપી, તન-મન-ધન અર્પણ કરી પિતા પૂરા પરિવાર સહિત યજ્ઞમાં સ્વાહા (સમર્પણ) થઈ ગયા. તો દાદી શાંતામણિજી પણ સમર્પિત થઈ ઈશ્વરીય સેવામાં જોડાઈ ગયા.

સને 1937માં દિવાળીના શુભ દિવસે બાબાએ બાળકોની બોર્ડીંગનું ઉદ્ઘાટન કર્યું. જેમાં 14 વર્ષના શાંતામણિ દાદી અને અન્ય ચાર બહેનો ભણાવતાં. જેમને બાબા પાંચ ચિડીયા કહેતા. બાબાની સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને દાદી

બાળકોને અંદર-બહારની સફાઈ, સ્નાન, શયન, વસ્ત્ર, ભોજન વગેરેનું બખૂબી ધ્યાન રાખતા અને બાળકોની રાજકુમારો જેવી પાલના કરતા. શરૂઆતમાં દાદીજી યજ્ઞ કારોબારની સાથે ધન પણ સંભાળતા. બાબાએ એમને કલ્પવૃક્ષના મૂળમાં તપસ્યા કરતા પણ બતાવ્યા, શાંત સ્વભાવ અને સચ્ચાઈ-સફાઈની વિશેષતા જોઈ બાબા એમને 'સચલી (ખૂબ સાફ-સચ્ચી) કૌડી' અને 'હર કી પૌડી' પણ કહેતા હતાં. બાબાએ એમને સેવા માટે દિલ્હી, પટના, કરનાલ, નેપાલ (કાઠમંડુ) અને શ્રીલકાં (કોલંબો) મોકલ્યા. પરંતુ દાદીએ વધુ સમય લખનઉમાં સેવા કરી. બાબા અવ્યક્ત થયા તો દાદીજી મધુવનમાં સેવાધારીઓના ઈન્ચાર્જ બન્યા, કેરીનું બીજ લાંબા સમય પછી ફળ આપે, એમ જ દીર્ઘાયુ દાદીમાં છુપાયેલ પ્રશાસન કળાનું બીજ પણ વૃદ્ધાવસ્થામાં શાંતિવનનું સંચાલન કરતા ખૂબ ફલિભૂત થયું. પરિપક્વ સમજ, મિશ્રી જેવી મીઠાશ, ધરતી જેવી ધૈર્યતા, ગજબની સમજદારી પરખવાની અને સમાવવાની અજબ શક્તિ, અનેક વિશેષતાઓને કારણે શાંતિવનની જે સાર-સંભાળ કરી તે અદ્વિતીય હતી. નાના બાળકો પણ બીના ઈજાજત બેઝીઝક દાદીને મળી શકતાં. શાંતિવન નિવાસી હોય કે પછી અનજાન વ્યક્તિ હોય દાદીજીના સાગર સમાન હૃદય સુધી દિલની વાતો સંભળાવી હલ્કા થઈ જતાં. દાદી માં બની ધીરજથી સાંભળતા, ભૂલ હોય તો પ્યારથી સમજાવતા, થોડા શબ્દોમાં અપાર સ્નેહથી ભરપૂર અને સંતુષ્ટ કરતાં. દરેકને ન્યાય આપી અનોખી શૈલીથી કઠિન વાતોને સહજ સુલઝાવી આપતાં. દાદી નામ તથા ગુણ પ્રમાણ વિષમ પરિસ્થિતિમાં હંમેશાં અચલ-અડોલ-એકરસ-શાંત રહેતાં. કોઈ માંને બે-ચાર બાળકો સંભાળવાનું ખૂબ મુશ્કેલ, પરંતુ દાદી તો વન-વનની એકત્રિત કરેલી લાકડીઓની સમાન અલગ-અલગ સંસ્કારો એવા બ્રહ્માવત્સોને સ્નેહની દોરમાં બાંધી દેતાં.

શાંતિવનના રાઈ બહન દાદીના સંગમાં રહીને દાદીની જે વિશેષતા હતી એ સંભળાવે છે. દાદી ખૂબ ત્યાગી હતાં. ફાલતું ખર્ચ કરતા નહીં. એક વખત દાદીજી માટે ચાર ચુંદડી બનાવવા માટે આપવા લાગી તો દાદીજીએ કહ્યું બે જ બનાઓ. બાથરૂમ નાનુ હતું, તો મોટું બનાવવા માટે કહ્યું, પરંતુ દાદીએ મનાઈ કરી, અલમારી પર પડદો હતો, તો લાકડાના દરવાજા માટે કહ્યું તો દાદીએ કહ્યું રહેવા દો મને અહિયા નહીં સતયુગમાં જોઈએ. દાદી ભંડારામાં બનેલુ જનરલ સાધારણ અતવા ફીકુ ભોજન ગ્રહણ કરતાં. ક્યારેય અલગથી કોઈ વસ્તુ બનાવા દેતા નહીં. દાદી ખુબ અનાસક્ત-અલ્પાહારી હતાં. શાંતિવનની શરૂઆતમાં દાદી 7.30 કલાકે આવી જનરલમાં ભોજન કરવા આવતાં પછી ભાઈઓ ભોજન શરૂ કરતાં. કોઈ ભંડારી (પૈસા) આપીને જતાં તો તરત દાદી યજ્ઞના એકાઉન્ટમાં જમા કરાવતાં. એક રૂપિયો પણ રાતભર પોતાની પાસે રાખતાં નહીં. દાદીજી દરેક ડીપાર્ટમેન્ટ (વિભાગ)માં ચક્કર લગાવતાં, ખુદ સેવા કરી અને સેવા કરવાનું શીખવતાં, ક્યારેક અનાજ પણ સાફ કરતાં.

શાંતિવન કિચનમાં મનીષભાઈ દાદીની પ્યાર ભરી પાલનાનો અનુભવ સંભળાવતા કહે છે મારી સેવામાં રહેવાની તીવ્ર ઈચ્છા હતી તો એક દેવી આત્માએ કહ્યું કે શાંતામણિ દાદીને મળો. હું એમને મળવા ગયો, નાનકડો કમરો, સોફા અને નાનું ટેબલ બસ એજ ઓફિસ હતી. આટલા મોટા દાદી, શાંતિવનના ઈન્ચાર્જ હોવા છતાં કેટલા સિમ્પલ, એમની સાદગીથી પ્રભાવિત થઈ દાદીજીના જીવનમાંથી પ્રેરણા મેળવી મેં પણ

સમર્પિત થવાની ઈચ્છા વ્યક્ત કરી તો દાદીજીએ ટિચરને સાથે બોલાવ્યા, પરિવાર અને પઢાઈ વિશે પૂછ્યું, ઈન્ટરવ્યુ લઈ કિચનમાં સેવા આપી. દાદી રોજ મળતાં સ્નેહથી શિક્ષા સાવધાની આપતાં. હર વાતમાં તીક્ષ્ણ નજર રાખી સ્વઉન્નતિ પર ધ્યાન અપાવતાં. રાત્રે રમતા તો ત્યાં પણ ચક્કર લગાવતા અને કહેતા, 'ભલે ખેલો, પરંતુ સમય પર યોગમાં પણ પહોંચો, એમની ઓફિસમાં મળવા જતો તો અખબાર વાંચતો, તો દાદી મનાઈ કરતાં, પછી ખુદ માટે પણ અખબાર બંધ કર્યા, દાદી મને અમૃતવેળા સંદલી પર બેસીને યોગ કરાવવાનું કહેતાં, મને સંકોચ થતો, કોઈ મને ટોકે 'શું કામ બેસે છે?' પરંતુ દાદી વારંવાર બેસવા માટે કહીને ઉત્સાહ ભરપૂર કરતાં, દાદીનાં અંતિમ દિવસોનું એક અદ્‌ભુત દ્રશ્ય ભૂલવા છતાં ભૂલાતું નથી. હું એમને રોજ ટીફીન આપવા જતો હતો, એક દિવસ દાદી એકાંતમાં શક્તિશાળી સ્થિતિમાં બેઠા હતાં. રૂમનું વાતાવરણ ખૂબ પાવરફુલ હતું. એમની આંખો લાલ-લાલ હતી. દાદી ઘુંટણ પર જમણો હાથ રાખી આંગળીઓ ગોળ ગોળ ફેરવતા હતાં અને સામે ક્યાંય દૂર દૂર જોઈ રહ્યા હતાં. પરંતુ મારી સામે ન જોયું. ના કાંઈ કહ્યું, હું 20 મીનીટ બેસી રહ્યો, ઉઠવાનું મન ન થયું. બીજા દિવસે પૂછ્યુ, 'દાદીજી આપ કાલે શું કરી રહ્યા હતાં? તો હસતાં હસતાં આંગળીના ઈશારાથી સમજાવતા બોલ્યા, 'એક તરફથી મારી સામે સિતારા માફિક નાના નાના આત્માઓ આવતા હતા થોડી વાર રોકાતી અને કોઈ મુક્તિ તો કોઈ જીવન મુક્તિ લઈ બીજી તરફથી નિકળી જતી. દાદી એમ કહેતા હતાં કે જાણે સ્થૂળ નેત્રોથી આત્માઓને જોઈને નજરથી નિહાલ કરી રહ્યા હોય. દાદીનું નામ લેતા જ એમની આંખો સામે આવે છે.

દાદી પાસેથી અસીમ પ્રેમ પ્રાપ્ત કરનાર મુજ આત્માને પણ ગર્વ છે. એમની પ્રથમ મુલાકાત જ મમ્માને ના મળ્યા એ ગમ દૂર થઈ ગયો. તેઓ જગદમ્બા સરસ્વતીના ફોટો કોપી હતાં. એમના ગંભીર, યોગયુક્ત મુખમંડલ દ્વારા મમ્માની ભાસના આવતી અને એમના ગુલાબ જેવા ચહેરા પર ખીલેલ મંદ મંદ મુસ્કાન દીવાના બનાવતી, મધુવનમાં એક ખાટલા જેટલી નાનકડી જગ્યામાં રહેવા છતાં પણ કોઈ ફરિયાદ ન હતી, દાદી નામ-માન-શાનથી કોસો દૂર રહેતા અને 'ઈચ્છા માત્રમ્ અવિદ્યા'ની સ્થિતિ દ્વારા મન સદા શાંત રાખતા હતાં. જ્યારથી હું મધુવનમાં રહ્યો, એમને ક્યારેય આબુમાંથી બહાર જતાં જોયા નથી. એક વખત નિમિત્ત આત્માએ મારી કડી પરીક્ષા લીધી. દાદીને બધાની વાત સંભળાવી તો કહ્યું, 'બાબા બેઠા છે, મખ્ખન સે બાલ નિકલેગા' અને એવું જ થયું. એમના શબ્દોમાં સમસ્યાને સુલઝાવવાની જાદુઈ શક્તિ હતી.

અપાર પ્યાર આપવા છતાં પણ નિયમ મર્યાદાઓમાં પાક્કા રહ્યા. એક ભાઈને સાપ્તાહિક કોર્સ કરી મુરલી સાંભળતા 10 માસ થયા, તો બાપદાદાને મળવા હેતુ એમને પ્રથમ દાદી પાસે મળાવ્યા તો દાદીએ કહ્યું પૂરા 12 માસ પછી મળવાનું, ભાઈએ આજ્ઞા માની અને આજ સુધી એમનો પૂરો પરિવાર જ્ઞાનમાર્ગમાં નિર્વિઘ્ન ચાલી રહ્યો છે. એક દિવસ દાદીએ કહ્યું, 'હેમંત ક્લાસ ક્યારે કરાવીશ?' મધુવનમાં ક્યારે ક્લાસ કરાવ્યો ન હતો. પરંતુ દાદીએ હિંમત આપી આગળ જવાનો મોકો આપ્યો. દાદી સેવા માટે જવાની ખુશીથી છુટી આપતાં. એક વખત સેવા સ્થાનો પરથી મળેલી ખર્ચી સૌગાત આપી તો ખુશ થઈને દાદીએ કહ્યું, 'કમાઉ પુત્ર (બેટા) હો, (કમાઉ બેટા) કમાઈને લાવ્યા છો, કામની ચીજ અને જરૂરી ખર્ચના પૈસા રાખો, બાકી યજ્ઞમાં આપી

દો.' ત્યારે જુની સાઈકલ માંગી તો દાદીએ કહ્યું, જુની શું કરવા? આપેલી ખર્ચીમાંથી પૈસા આપી કહ્યું નવી સારી વસ્તુ લો, દાદી હર જરૂરત પૂર્ણ કરતા. ઠંડીમાં સ્વેટર, શોલ આપતાં, માં થી પણ વધુ ધ્યાન રાખતાં, દાદી આપ શું પુરુષાર્થ કરો છો? પૂછ્યું તો કહ્યું 'વ્યર્થ-નેગેટિવ વિચાર નથી કરતી, બધા માટે શુભભાવના રાખું છું.' પછી પૂછ્યું શું અમે અષ્ટ રતનમાં આવી શકીએ? તો કહ્યું,'હજુ પણ સમય છે, લાસ્ટ શો ફાસ્ટ શો ફર્સ્ટ જવાનો, યાદની દોડી લગાવો તો બની જશો.'

દાદીજીને દેહમાં રહેવા છતાં હંમેશા ન્યારી-પ્યારી કર્માતીત સ્થિતિમાં જોયા, એમના જીવનમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર કોઈપણ વિકાર અંશમાત્ર પણ ન હતાં. જેના જીવનમાં વિષનો અંશ પણ નહીં એવા તો સાક્ષાત વિષ્ણુ સ્વરૂપા હતા દાદીજી. તેઓ અંત સુધી બેહદ વૈરાગી, મુરલીધરના અનુરાગી, મુરલીના દીવાની રહ્યા. ક્યારેય કોઈની પ્રાપ્તિ સાથે તુલના ના કરી, ના કોઈ વાતોમાં ગયા, જે મળ્યું જેવું મળ્યું બધી વાતમાં સંતુષ્ટ રહ્યા. એમના ચહેરા પર ચમકતુ દિવ્ય તેજ અને વાણીનો ઓજ ચુંબક બની દરેકને એમની તરફ આકર્ષણ થતું. 87 વર્ષની ઉંમર પૂરી કરી આખીર તેઓ શાંતિની સરિતા, શાંતિના સાગર સાથે મળવા નીકળ્યા અને 15 જૂન 2010ના દિવસે સંસારમાંથી અલવિદા થઈ ગયા.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ - **બ્ર.કુ. મૃદુલા,** કુતિયાણા, પોરબંદર

- **હે દયાથી ભરપૂર આત્માઓ, તમારા ભંડારમાંથી વિશ્વને અંજલિ આપી બધી સમસ્યાઓનું સમાધાન કરો.**

**(પેજ નં. 25નું અનુસંધાન)...બોલની બોલબાલા**

અન્ય આત્માઓની સેવા એજ વિશ્વ કલ્યાણ સેવા.

વળી શબ્દો માટે એમ પણ કહેવાય છે કે આપના બોલેલા શબ્દો બ્રહ્માંડમાં ક્યાંક સચવાઈ રહે છે તે વખત આવ્યે એજ શબ્દો, ચાહે સારા કે ખરાબ અર્થસહિત પડઘાઈને જ્યાંથી જન્મ્યાં હોય ત્યાંજ પાછા ફરે છે.

**કર ભલા, હોગા ભલા.**
**બોલ ભલા, હોગા ભલા.**

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 15નું અનુસંધાન)... યજ્ઞ માતા**

અંતમાં જે જગદંબા માતુશ્રીએ કેન્સર જેવી બીમારીમાં પણ ખુમારી બતાવી તપસ્વીઓ માટે પુરુષાર્થની પગદંડી રચનારી, અશક્યની આરાધના કરનાર હે આદિદેવી 'મા'માંથી ભવિષ્યની મહારાણી બનનાર વિશ્વ વંદનીય મા... ભવાની તમે ચૈતન્યમાં પૂરા સત્યાવીશ વર્ષ સુધી પૃથ્વી પર વિચરણ કર્યું - તે બિચારાં ભક્તો તમને ન જાણે ક્યાં ક્યાં શોધી રહ્યાં છે. ભલે અમોએ અર્થાત્ કેટલાંક બ્રહ્માવત્સોની આંખો આપના સાકાર દર્શનથી વંચિત રહી હશે. હા, કદાચ આ કલ્પ - કલ્પની વંચિતતાને પણ અમો પચાવી જઈશું. તમારી મધુરવાણી - ટેપ - કેસેટથી સાંભળીને સંતોષ લેનારા તમારા આ વ્હાલસોયા વત્સો આપની પુણ્યતિથિએ વંદે માતરમ કરી...

મા તુજે સલામ્ કહી... મા-બાપ કરતાં સવાયા બનવાની દૃઢ પ્રતિજ્ઞા સાથે ભાવાંજલિ અર્પે છે. 'તેરે પ્યાર ને હમકો જીત લિયા, જીવન કો જીના સીખા હી દિયા, જીવન સે ભરી તેરી યાદેં મન ખુશ કરે જીને કે લિયે...'

॥ ઓમશાંતિ ॥

# બોલની બોલબાલા

બ્ર.કુ. લીલાબેન ચૌહાણ, કારેલીબાગ, વડોદરા.

બોલ એટલે શબ્દ, શબ્દ એટલે વાણી. વાણીના પણ કેટલા પ્રકાર છે. મધુર વાણી, મીઠી વાણી, સુખદ વાણી, આશીર્વાદ સ્વરૂપ - કહો કે વરદાની વાણી - જે સાંભળવી પણ ગમે છે અને કલ્યાણકારી વાણી પણ હોય છે. માટે જ સંત કબીરજી કહે છે,

એસી વાણી બોલીએ મનકા આપા ખોય,

ઓરન કો શીતલ કરે, આપહુ શીતલ હોય.

સારયુક્ત વાણીમાં શબ્દે શબ્દે સાર હોય છે અને સાંભળનારના મનમાં પણ પ્રેમ ઉપજે છે. તમારી પાસે કેટલાય શબ્દો હોય પણ જો તેનો અર્થ કોઈકના અંતરને સ્પર્શી ન શકે તો બધું વ્યર્થ જ ગણવું. વાણી યથાર્થ ન હોય તો બોલનારને શોભતી નથી. આપણે જોઈએ છે કે માઇકમાં જરા સરખી પણ ખરાબી હોય તો અવાજ સ્પષ્ટ નથી આવતો અને લોકોને પણ તે પસંદ નથી પડતો. એજ રીતે મુખ દ્વારા યુક્તિયુક્ત કે યથાર્થ બોલ ન નીકળે તો સાંભળવાવાળાને એ શબ્દો ગમતાં નથી. સારને બદલે વિસ્તારિત બોલ, વ્યર્થ બોલ, અન્ય આત્માઓને ઉતરતી કલામાં લઈ જાય છે. સાવધ વ્યક્તિઓ હંમેશા શબ્દની શક્તિ ઓળખીને બોલે છે. નિરર્થક વાતો કરી શબ્દો કે વાક્યોનું તેઓ ખૂન નથી કરતાં.

શુદ્ધ-સમર્થ, સારયુક્ત, સ્વમાનયુક્ત, યોગયુક્ત, શક્તિયુક્ત અને સ્નેહયુક્ત વક્તવ્ય જ મહાન આત્માઓની ઓળખ છે.

લૌકિકમાં પણ ઉચ્ચ પદ પર બિરાજમાન વ્યક્તિઓ જેમ કે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી બોલતા પહેલા પોતાના વક્તવ્યના દરેક શબ્દો સારી રીતે ચેક કરે છે. વિચારે છે કે મારા થકી એક પણ શબ્દ એવો ન બોલાય કે જે જનતામાં કે દેશમાં સંઘર્ષનું કારણ બને. શબ્દો પણ તોલી તોલીને નહીં પણ ચાળી ચાળીને બોલે છે.

વિશ્વ કલ્યાણકારી આત્માઓ બોલતાં પહેલા પોતાના દરેક શબ્દો ચકાસીને નક્કી કરવું કે મારા મુખ દ્વારા પ્રસારિત થતાં દરેક શબ્દમાં મારું તથા સમગ્ર દુનિયાનું કલ્યાણ સમાયેલું છે?

ભક્તિમાર્ગમાં શબ્દોનું મહત્ત્વ કેટલી સચોટ રીતે વર્ણવવામાં આવ્યું છે. મહાન આત્માઓના મુખે ગીતાજ્ઞાન સાંભળતી વખતે શ્રોતાઓ ‘સત્ય વચન મહારાજ’ એવું ઉચ્ચારણ કરે છે.

વર્તમાન સમયમાં સૌને તો નહીં પણ 25% શ્રેષ્ઠ આત્માઓને શાબ્દિક સફળતા - વરદાની બોલની સફળતા વિષેશ ગિફ્ટ રૂપે મળી છે. તેઓ જે બોલે તે સાર્થક થઈ જાય છે. માટેજ શબ્દોના મહત્વને ધ્યાનમાં રાખી જવાબદારીપૂર્વક બોલાયેલા શબ્દો હંમેશા કલ્યાણકારી નીવડે છે. મહાન આત્માઓના બોલ સત્ય હોવાના કારણે અનેક આત્માઓનું અભૂતપૂર્વ કલ્યાણ કરે છે. વ્યર્થ બોલ અકલ્યાણના નિમિત્ત બની જાય છે. સાંભળવાવાળી સાધારણ આત્મા આપના વ્યર્થ બોલ થકી ‘ઉતરતી કલા’માં સરી પડે છે, અર્થાત પુરુષાર્થહીન દશામાં મુકાઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો એકરીતે એ કમજોર અને સાધારણ આત્માઓ શ્રાપિત થઈ જાય છે.

આપણું આ જીવન વિશ્વકલ્યાણ માટે મળ્યું છે. સ્વયંના સંસ્કાર-સ્વભાવ પરિવર્તન કરવાનો સમય વિતી ગયો છે. હવે તો મનસા, વાચા, કર્મના

(અનુસંધાન પેજ નં. 24 પર)

# કર્મગતિના જ્ઞાન દ્વારા વ્યર્થ સંકલ્પોથી મુક્તિ

બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુ રોડ

મનમાં ચાલનારા વ્યર્થ સંકલ્પથી બુદ્ધિની એકાગ્રતા તૂટી જાય છે. મનના વ્યર્થ સંકલ્પથી નિર્ણય શક્તિ, પરખશક્તિ, સામનો કરવાની શક્તિ નષ્ટ થઈ જાય છે. વ્યર્થ સંકલ્પથી જીવનમાં અસફળતા મળે છે. વ્યર્થ સંકલ્પથી બુદ્ધિને તાળું લાગી જાય છે. મનમાં સમર્થ વિચાર ચાલવાને બદલે કમજોર અને વ્યર્થ સંકલ્પ ચાલે છે. વ્યર્થ વિચારોથી સદ્ગુણ નષ્ટ થઈ જાય છે. જેના મનમાં વ્યર્થ સંકલ્પ ચાલે છે એના મુખથી વ્યર્થ બોલ નિકળે છે. કર્મ પણ વ્યર્થ થઈ જાય છે. વ્યર્થ સંકલ્પોથી જીવન લક્ષ્યહીન બની જાય છે.

મનમાં ચાલનારા વ્યર્થ સંકલ્પોને કારણે બુદ્ધિમાં જ્ઞાન અર્થાત્ શ્રેષ્ઠ સંકલ્પ ચાલતા નથી એટલા માટે જીવનને શ્રેષ્ઠ બનાવવાનું છે. વ્યર્થથી મુક્ત છે એની બુદ્ધિમાંથી જ્ઞાનનું ઝરણું વહે છે. જ્ઞાનનું ચિંતન કરતા રહેવાથી આચરણમાં બદલાવ આવે છે. એના માટે વ્યર્થથી મુક્ત થવાની જરૂર છે. આમ તો મનમાં વ્યર્થ સંકલ્પ ચાલવાનાં અનેક કારણો છે. પરંતુ વર્તમાન સમય પોતાના જીવનમાં આવનારી વિપરીત પરિસ્થિતિ યા ઘટનામાં જ્યારે કર્મગતિને ભૂલી જઈએ છીએ ત્યારે મનમાં વ્યર્થ વિચાર આવવાના શરૂ થઈ જાય છે. મનમાં નકારાત્મક વિચારોથી નકારાત્મક ભાવના, નકારાત્મક દૃષ્ટિકોણ, નકારાત્મક વ્યવહાર અને વૃત્તિ બની જાય છે. આવી પરિસ્થિતિમાં ન ઈચ્છવા છતાં મનમાં વ્યર્થ વિચાર ચાલે છે. અને આવા નકારાત્મક વિચારોથી બુદ્ધિની અંદરનું જ્ઞાન અર્થાત્ હકારાત્મક વિચાર સમાપ્ત થઈ જાય છે. એટલે વ્યર્થથી મુક્ત બનવાને માટે કર્મગતિને બુદ્ધિમાં રાખવાની જરૂર છે.

મહાભારતમાં એક સુંદર દૃષ્ટાંત છે. ભરતના પુત્ર શાંતનુએ ગંગા સાથે વિવાહ કરવાનું નક્કી કર્યું એ સમયે ગંગાએ કહ્યું કે હું જીવનમાં જે કંઈ કરું તેમાં તમે વચ્ચે આવશો નહીં. જો તમે કંઈપણ બોલશો, તો હું ચાલી જઈશ. આ પ્રસ્તાવ પર શાંતનુએ રાજી થઈને કહ્યું કે તમે જીવનમાં જે કંઈ કાર્ય કરશો તેમાં હું હસ્તક્ષેપ નહીં કરું. કેટલાંક વર્ષો પછી બંનેને બાળકો થાય છે તો ગંગા એક એક બાળકને નદીમાં વહાવી દે છે. એ પ્રકારે છ બાળકોને શાંતનુની આંખો સામે નદીમાં વહાવી દે છે. શાંતનું પ્રતિજ્ઞાબદ્ધ હોવાને કારણે કંઈપણ બોલ્યો નહીં. એના મનમાં અનેક વ્યર્થ સંકલ્પો ચાલતા રહ્યાં. છેવટે શાંતનુથી રહેવાયું નહીં અને એમણે પોતાની પ્રતિજ્ઞા તોડીને ગંગાને પૂછ્યું કે તું આવું શા માટે કરે છે? ત્યારે ગંગાએ બતાવ્યું આ જે બાળકો હતાં તેન પાછલા જન્મમાં બ્રહ્માજીના શાપને કારણે આપણે ત્યાં જન્મ લીધો હતો હું એમને નદીમાં પધરાવીને શાપ મુક્ત કરી રહી છું. પરંતુ મેં આપને કહ્યું હતું કે હું જે કંઈ કરું તેમાં તમે હસ્તક્ષેપ કરશો નહીં. પણ આપે તે પ્રતિજ્ઞા તોડી દીધી એટલે હવે હું આપની સાથે રહી શકતી નથી અને ગંગા સદાને માટે શાંતનુને છોડીને ચાલી ગઈ.

આમ જોવામાં આવે તો વર્તમાન સંગમ સમય પર જે ઘટના બને છે તે ઘટના જ શાસ્ત્રની અંદર દૃષ્ટાંત રૂપે લખવામાં આવે છે. પોતાના જીવનમાં જ્ઞાનગંગા સદા રહેવા માટે વર્તમાન સમયે પરિસ્થિતિનો સામનો કરવાનો છે. જીવનમાં આવનારી વિપરીત પરિસ્થિતિ યા ઘટના આપણા જ પાછલા જન્મોનાં કરેલાં કર્મોનું ફળ છે. આવી પરિસ્થિતિ યા ઘટનામાં મનમાં કોઈપણ પ્રકારના

નકારાત્મક સંકલ્પ ના ચાલે. ત્યારે એ કર્મભોગથી મુક્ત બની શકો છો. આવી પરિસ્થિતિમાં મનમાં આમ કેમ થયું, આ કેવું થયું આ મારી સાથે કેમ થયું. આવા પ્રશ્ન કરશો તો જ્ઞાન-ગંગા આપણી સાથે નથી રહી શકતી અર્થાત્ સમર્થ સંકલ્પથી આપણે દૂર ચાલ્યા જઈશું. એટલે જીવનમાં આવનારી પરિસ્થિતિને ચૂપચાપ પોતાનાં કર્મભોગ સમજીને સહન કરવું એજ સમજદારી છે.

વર્તમાન સમય વ્યર્થ સંકલ્પનું મુખ્ય કારણ જીવનમાં આવનારી વિપરીત પરિસ્થિતિ યા ઘટના છે. આવી વિપરીત પરિસ્થિતિમાં આપણે કર્મ ગતિને યાદ રાખીએ છીએ તો મનમાં ચાલનારા સંકલ્પ યા વિકલ્પનું નિયંત્રણ કરી શકીએ છીએ. જીવનમાં દરેક પરિસ્થિતિ દરેકનાં કર્મોના અનુસાર આવે છે. આ સમગ્ર દુનિયા કર્મોના આધારથી જ ચાલે છે. કર્મ અનુસાર દરેકને એનું ફળ મળે છે. પોતાના સંબંધ સંપર્કમાં આવનારી કોઈ વ્યક્તિ કર્મોના હિસાબ આપવા માટે આવે છે. અને કોઈ વ્યક્તિ કર્મોના હિસાબ લેવાના માટે આવે છે. જ્યારે આપણે કર્મની ગતિને ભૂલી જઈએ છીએ ત્યારે મનમાં વ્યર્થ સંકલ્પ ચાલે છે. વર્તમાન સમય સંબંધ-સંપર્કમાં આવનારી વ્યક્તિ તરફથી જ્યારે સમસ્યા આવે છે ત્યારે જ મનમાં વ્યર્થ સંકલ્પ ચાલે છે. આ વર્તમાન સમયમાં વ્યર્થ સંકલ્પનું મૂળ કારણ છે.

એક માતાજીને જોડવાં બાળકો હતાં. એકને ઘોડિયામાં સૂવાડીને તે સફાઈ કામ કરી રહી હતી. રમતાં-રમતાં એ બંનેનું મોં એક-બીજા તરફ થઈ ગયું. એક બાળકે બીજા બાળકને પૂછ્યું કે તમે આ ઘરમાં કેમ આવ્યા છો, તો એણે કહ્યું કે પા કિલો તેલ લેવા માટે આવ્યો છું. એ રીતે બીજા બાળકને પૂછ્યું કે તું આ ઘરમાં શા માટે આવ્યો છે, તો પહેલા બાળકે કહ્યું કે હું ત્રણ તોલા સોનું આપવા માટે આવ્યો છું. બંનેનું બોલવું સાંભળીને માતાજીને લાગ્યું કે આ બાળકોમાંથી તેલ કોણ આપશે અને સોનું કોણ આપશે. કારણ કે બંને એક જેવા હતા. માતાજીએ બંને બાળકોને પા કિલો તેલ લગાવીને ઘોડિયામાં સૂવાડ્યા. તો એ બાળકોમાંથી એક અચાનક મરી ગયું. બાળક તેલ લેવાનો હિસાબ ચૂકતે કરીને ચાલ્યું ગયું. એણે વિચાર્યું કે બીજું બાળક ત્રણ તોલા સોનું આપનારો છે એના પછી એક વિચાર આવ્યો કે આતો મારું બાળક છે એ કઈ રીતે મારી શકે છે. આ મારું સ્વપ્ન હશે. એવું વિચારીને માતાજીએ ઘટનાને ભૂલવાનો પ્રયત્ન કરે છે. સમય જતાં તે બાળક મોટું થઈ ગયું. ગરીબ હોવા છતાં પણ તે સ્કૂલમાં હોંશિયાર હતો. દસમીમાં બોર્ડમાં એનો પહેલો નંબર આવ્યો. ગામના સરપંચે એ બાળકને ગ્રામસભામાં બોલાવીને એનો સત્કાર કર્યો. સત્કારમાં એના ગળામાં માળા પહેરાવી, શિર પર તાજ પહેરાવ્યો. એક પુસ્તક ભેટમાં આપ્યું. એ પુસ્તકમાં ત્રણ સોનાનાં પત્તા રાખ્યાં.

ગામવાળાઓએ એનું સન્માન કર્યું. એટલા માટે એ બાળકને બહુ ખુશી થઈ. એને લાગ્યું કે આ મારું સન્માન માની મહેનતને કારણે થયું છે. સરપંચે ગ્રામસભામાં મારું સન્માન કર્યું આ સંભળાવવા માટે ગળાની માળા, તાજ અને પુસ્તક લઈને ઘરની તરફ દોડતો જાય છે. એને લાગ્યું કે મા આ જોઈને ખુશ થશે તે ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો. ઝૂંપડપટ્ટીનું બારણું નીચું હતું. તેથી નીચા નમીને જવું પડતું હતું. બારણામાં એક ખીલી લાગેલી હતી. બાળકનું સન્માન થયું હતું એટલે સમાચાર સંભળાવવા માટે તે ખુશી ખુશીથી દોડીને જઈ રહ્યો હતો. ખુશીમાં નીચે નમીને ઘરમાં જવાનું ભૂલી ગયો. તેથી એ ખીલી એના મસ્તકમાં ઘૂસી ગઈ અને તે ત્યાંજ મરી ગયો. માએ એના ગળાની

માળા, પડેલો મુકુટ અને પુસ્તકને જોઈને એને લાગ્યું કે તે પહેરીને આવ્યો છે. એની બાજુમાં પડેલા પુસ્તકને જોતાં તેમાં ત્રણ સોનાનાં પત્તા મળ્યાં અને એને બાળપણની વાત યાદ આવી ગઈ કે ત્રણ તોલા સોનું આપવા આવ્યો હતો અને આજે તે હિસાબકિતાબ ચૂક્તુ કરીને ચાલ્યો ગયો.

કહેવાનું તાત્પર્ય છે કે પોતાના સંબંધ-સંપર્કમાં આવનારી દરેક વ્યક્તિ પાછલા જન્મોનો હિસાબ-કિતાબ ચૂક્તુ કરવા આવે છે. કોઈ આપવા માટે આવે છે, કોઈ લેવા માટે આવે છે. ક્યારેક આપણે આ કર્મની ગતિને ભૂલી જઈએ છીએ. ત્યારે મનમાં અનેક વ્યર્થ સંકલ્પ ચાલે છે. એટલા માટે વ્યર્થથી મુક્ત થવા માટે કર્મની ગતિને યાદ કરવાની આવશ્યકતા છે કારણકે તાળી એક હાથથી વાગતી નથી. તાળી વગાડવા માટે બે હાથ જોઈએ. આ પ્રકારે ક્યારેક આપણે કહીએ છીએ કે હું એની સાથે ઘણો સારો વ્યવહાર કરું છું છતાં પણ તે આવું કેમ કરે છે. ક્યારેક ઉપર ભગવાનની તરફ જોઈને કહે છે હે ભગવાન આપે આંખો બંધ કરી હતી શું, મારી સાથે આવું કેમ થઈ રહ્યું છે? પરંતુ આ સર્વ પ્રશ્નોનો જવાબ આપણા પાછલા જન્મોમાં કરવામાં આવેલાં કર્મો છે.

ધૃતરાષ્ટ્રે શ્રીકૃષ્ણને પૂછ્યું કે મને આંધળો કેમ બનાવ્યો? શ્રીકૃષ્ણે કહ્યું આપના પાછલા જન્મોનાં કોઈ કર્મો હશે. ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું મને કંઈ યાદ આવતું નથી. શ્રીકૃષ્ણે એમનાં પાછલાં જન્મોના કર્મો જોવાનું કહ્યું. ત્યારે ધૃતરાષ્ટ્રને એક દૃશ્ય યાદ આવ્યું કે પાછલા જન્મમાં તે યુવાન હતો. એણે પક્ષીને પકડી લીધું અને એની આંખોમાં સોય ભોંકી. પક્ષીને ઘણું જ દર્દ થાય છે. દર્દને કારણે તે તડપી રહ્યું છે. તડપનને જોઈને તે ખિલખિલાટ હસે છે અને બીજી વાર સોય ભોંકે છે. ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે આને કારણે તમારી આંખો આંધળી છે. એટલે એક ભજનમાં છે કે કોઈની ઝોળીમાં કાંટા છે, કોઈની ઝોળીમાં ફૂલ છે. કોઈ કારણ હશે કોઈ કારણ હશે. કારણ છે પાછલા જન્મનાં કર્મ. જીવનની વિભિન્ન સમસ્યાઓનું મૂળ કારણ છે. પાછલા જન્મમાં કરેલાં કર્મ. જ્યારે આપણે એને ભૂલી જઈએ છીએ ત્યારે મનમાં વ્યર્થ વિચાર ચાલે છે. આપણે જે કંઈ વિપરીત જોઈએ છીએ એનો દોષ બીજાઓ ઉપર લગાડીને સ્વયંને નિર્દોષ સમજીએ છીએ. આપણને એવું લાગે છે કે મારી સાથે અન્યાય થઈ રહ્યો છે. આવી દોષિત વ્યક્તિના વિષયમાં પોતાની ભાવના, દૃષ્ટિકોણ નકારાત્મક બની જાય છે. જેથી એ વ્યક્તિના સંસ્કારો સાથે ટક્કર થાય છે. આ ટક્કરમાં સમય વ્યર્થ જાય છે અને વ્યર્થ સંકલ્પ ચાલે છે. એટલે કર્મની ગતિને સદા યાદ રાખીએ ત્યારે વ્યર્થથી મુક્ત બની શકીશું.

સાસુ જો વહુના ઉપર અન્યાય કરે છે તો એ વહુના મનમાં સાસુના વ્યવહાર બદલ ઘૃણા, નફરત વગેરે જન્મે છે. અને એના મનમાં નકારાત્મક વિચાર જન્મે છે. પરંતુ જો સાસુ અને વહુનો પાછલો જન્મ દેખાડવામાં આવે તો આશ્ચર્ય થશે કે સાસુ પાછલા જન્મમાં વહુ હતી અને જે વહુ છે તે પાછલા જન્મમાં સાસુ હતી અને એણે સવારે ઉઠીને વહુને કમરમાં લાત મારી હતી ઘંટીથી દળવાનું કહ્યું હતું અને સત્સંગમાં જવાની ના પાડી હતી. આજન્મમાં જ્યારે હિસાબ કિતાબ ચૂક્તે થાય છે એટલે મનમાં નકારાત્મક વિચાર આવે છે એટલા માટે કહેવાય છે 'सास भी कभी बहू थी' કરેલાં કર્મોથી કોઈ મુક્ત થઈ શકતું નથી. એટલા માટે એક ભજન છે કે 'कर्म की लेखा मिटे ना रे भाई कोई लाख करे चतुराई' પોતે કરેલાં કર્મોને આધારે શરીર મળે છે, સંપત્તિ મળે છે, સંબંધી મળે છે. વર્તમાન સમયે શિવ પરમાત્મા શ્રીમત રૂપી જ્ઞાન

આપીને શ્રેષ્ઠ કર્મ કરવાની કળા શીખવાડે છે. જે ઈશ્વરીય શ્રીમત પ્રમાણે ચાલે છે. તે શ્રેષ્ઠ બને છે. વ્યર્થથી મુક્ત બને છે. શ્રીમત દ્વારા જ ઉમંગ ઉત્સાહ અને દૈવી ગુણોની પ્રાપ્તિ થાય છે. જે મનમત યા પરમત પર ચાલે છે એને જીવનમાં દુઃખ અશાંતિ મળે છે. શ્રીમત ઉપર ચાલવા છતાં પણ કોઈ વિપરીત પરિસ્થિતિ આવે છે તો તેને કર્મોનો હિસાબ-કિતાબ સમજીને ચાલવાનું છે.

કેટલાક દિવસ પહેલાં એક બહેનજીએ મને અનુભવ સંભળાવ્યો હતો. એ અનુભવથી કર્મની ગતિનો પાઠ વધારે પાકો થઈ ગયો. તે બહેનજી ત્રીસ વર્ષથી બ્રહ્માકુમારી સંસ્થામાં સમર્પિત રૂપથી સેવા કરી રહી હતી. અચાનક એમના પેટમાં દર્દ થવા લાગ્યું. તો ગ્લોબલ હોસ્પિટલમાં તપાસ કરાવવા આવી. એક્ષરેમાં જોયા પછી ખબર પડી કે એમના પેટમાં ગાંઠ છે, ઓપરેશન કરવું પડશે. ઓપરેશન થિયેટરમાં જતાં પહેલાં બહેનજીએ બાબા સાથે રુહરિહાન કરતાં બાબાને કહી રહી હતી, બાબા મેં આટલી સેવા કરી, છતાં પણ મને દર્દ થઈ રહ્યું છે. મને કેવાં કર્મોનું ફળ મળી રહ્યું છે. તે ધ્યાનમાં ગઈ. ત્યારે બાબાએ બહેનજીને બોલાવીને કહ્યું કે તમે પૂછી રહ્યા છો કે મને કયા કર્મોનું ફળ આપી રહ્યા છો, ચાલો હું બતાવું છું. બાબા બહેનજીને પાછલાં કર્મો તરફ લઈ ગયા. પાછલા જન્મમાં તેણે ભારતમાં જન્મ લીધો હતો અને પુરુષના શરીરમાં હતી તથા પોલીસની નોકરી હતી. એ સમયે ભારતમાં અંગ્રેજોનું રાજ્ય હતું. ચાર રસ્તા પર એની ડ્યુટી હતી. એમને ઓર્ડર મળ્યો હતો કે કોઈ અંગ્રેજ કોઈને તંગ કરે છે તો એને ગોળી મારો. એક અંગ્રેજ કોઈને તંગ કરી રહ્યો હતો તો એ પોલીસવાળાએ એને જોતાં જ ગોળી મારી. એ ગોળી એ અંગ્રેજીને ન વાગી પણ પાછળના બગીચામાં ઘાસ કાપી રહી હતી તે માતાના પેટમાં વાગી. એને બહુ દર્દ થવા લાગ્યું. આ દૃશ્ય બાબાએ બહેનજીને બતાવ્યું અને કહ્યું કે આ કારણે તમારા પેટમાં દર્દ રહે છે. હવે એ કર્મનો હિસાબ કિતાબ ચૂક્તુ થઈ રહ્યો છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે જન્મ જન્માંતર જાણ્યા - અજાણ્યામાં એવાં અનેક કર્મ કર્યાં છે જેનું વર્તમાન સમયે વિપરીત ઘટનાના રૂપમાં ભોગવવું પડે છે અને આવી વિપરીત ઘટનાઓના કારણે મનના સંકલ્પોના યોગને રોકવા માટે કર્મગતિને સદા યાદ રાખવી જોઈએ. વિપરીત પરિસ્થિતિ યા વિઘ્ન નિર્માણ કરનારાઓ પ્રત્યે મનમાં ક્ષમાભાવ, દયાભાવ, નિર્દોષ દૃષ્ટિકોણ નિર્માણ કરવાના માટે કર્મગતિનું જ્ઞાન આપણને બહુ મદદ કરે છે. જેનાથી આપણી અંદર સહજ જ નકારાત્મક વાતોને હકારાત્મક બનાવવાની કળા આવે છે. અને એનાથી દરેક પરિસ્થિતિમાં સહન કરવાની શક્તિ મળે છે. જ્યારે આપણે વ્યર્થ સંકલ્પથી મુક્ત બનીશું ત્યારે મન હળવું અને બુદ્ધિ સ્વચ્છ રાખી શકીશું. આપણને યોગનો અભ્યાસ ઘણી મદદ કરી શકશે. એટલે કર્મની ગતિ જાણીને વ્યર્થથી મુક્ત બનો.

॥ ઓમશાંતિ ॥

- **વ્યસ્ત રહેવા માટે સેવા ઘણું સારું સાધન છે. જેટલા પોતાને વ્યસ્ત રાખશો એટલા સલામત રહેશો. સેવા ભલે મનથી કરો. વાણીથી કરો. કર્મણાથી કરો પણ બુદ્ધિથી વ્યસ્ત જરૂર રહો. હાથ પગથી તો વ્યસ્ત રહો છો પણ બુદ્ધિથી વ્યસ્ત રહો. પોતાનું ટાઇમટેબલ બનાવો. જેટલો મોટો માનવ તેટલું તેનું સમયપત્રક નિશ્ચિત હોય છે તો તમે મોટામાં મોટા માનવ છો ને?**

### દિવ્યદર્શન

# સાદગી અને સરળતાનાં મૂર્તિ સરલાદીદી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

પ્રાતઃ સ્મરણીય, વિશ્વવંદનીય, સૌ બ્રાહ્મણ ફૂલવાડીના પ્યારાં, ગુજરાતની મમતામયી અલૌકિક માં એટલે માત્ર સરલાદીદીજી. એક એવું સૌમ્ય વ્યક્તિત્વ, કે જે આજે ત્રણ-ત્રણ વર્ષના સમયની સાથે સાથે ચાલતું, નજર સમક્ષ ઉભરાતું એક ચિત્ર એટલે સૌના પ્યારાં, મીઠા સન્માનનીય દીદીજી. આજે આપણા ગુજરાતની અલોકિક માંને, અવ્યક્ત આરોહણના તૃતીય સ્મૃતિ દિવસે, સંગમયુગની સોનેરી યાદો સાથે, ખૂબ દિલથી, શ્રધ્ધાભાવથી, અંતરમનથી કોટી-કોટી ભાવાંજલિ અને શ્રદ્ધાના સુમન અર્પણ કરતા આ કલમ દીદીજીને અર્પણ....

આજથી પાંચ વર્ષ પૂર્વે કાગળ, કલમ અને કમ્પ્યુટરના કીબોર્ડ દ્વારા દિવ્ય દર્શન કોલમની સફર શરૂ થઈ. માતૃતુલ્ય સરલાદીદીજીના અનમોલ શુભાશિષ અને આશીર્વાદ આ કોલમના શ્રીગણેશના અવસરે મળેલ. જે આ સફરના પડાવો પાર કરવામાં મંઝિલના મુકામની અવિરત યાત્રામાં છે.

૧૧ વર્ષની નાની ઉમરથી જ દીદીની મીઠી દ્રષ્ટિ અને પાલનામાં, ક્યાંથી ક્યાં સુધી સમય પસાર થઈ ગયો, તેનો અહેસાસ પણ ન થયો. ભલે દીદી આજે આપની વચ્ચે સાકારમાં નથી, ઘણાં દૂર છે, પણ હજી પાસે હોવાનો અનુભવ કરાવી જાય છે. જીવનમાં ક્યારે ના ભૂલાય તેવો તેમનો હંમેશા સૌમ્ય હાસ્ય સાથેનો ચહેરો નજર સમક્ષ આવી જાય છે. સરલાદીદીના ગુણોના ગુલદસ્તામાંથી આજે વિશેષ બે ગુણ સ્મૃતિમાં આવે છે. સરળતા અને સાદગીની પ્રતિમૂર્તિ એટલે સરલાદીદી.



૧૯૮૦ થી ૨૦૧૯ સુધી (૪૦ જેટલા વર્ષ) જેમની ખૂબ નજીક રહેવાને મારું પરમ સૌભાગ્ય સમજુ છું. તેમની પાલનાના અનુભવનો એક સુંદર અવસર જીવનમાં મળ્યો.

એક આદર્શ વ્યક્તિત્વ તરીકે દીદીનું સ્થાન હૃદયમાં હોય તે તો સ્વાભાવિક હોય જ. દીદીના વ્યક્તિગત, સામાજિક, આધ્યાત્મિક કે જાહેર જીવનમાં સૌ કોઈએ અનુભવ્યું છે કે, ખૂબ સાદગીપૂર્ણ જીવન હતું. સુખી સંપન્ન પરિવારમાંથી હોવા છતાં પણ બાબા, મમ્મા, દાદીઓના સંગમાં રહી તેમની જેમ સાદગીને પોતાના જીવનમાં સૌ પ્રથમ ઉતારી. તેમનો પહેરવેશ છેક છેવટ સુધી સાદો હતો, સાદું ભોજન, કરણી-રહેણીમાં કયારેય કોઈ ઉચ્ચ કોટિની ચીજવસ્તુઓનો ઉપયોગ કર્યો નહિ. ક્યારેય કોઈ ઉચ્ચ કોટીની કે ભારે, મોઘી ચીજવસ્તુઓનો ઉપયોગ વ્યક્તિગત જીવન માટે ક્યારેય કર્યો નથી. સરલાદીદીની સાદગીમાં દિવ્યતા દેખાતી. સાદગીમાં સુઘડતા પણ દીદી પાસે શીખવા જેવી છે. નાની-મોટી દરેક ચીજ વસ્તુની જાળવણી, સાચવણી તેમના જેવી કોઈની નહિ. સાદગીના ગુણને જીવન પર્યંત સાથ નિભાવવાનો નિયમ હોય તેમ જયારે તેમની પાસે કોઈ સારી ઉચી ગુણવત્તાની આવેલી ચીજ-વસ્તુઓને પ્રથમ બાબાના યજ્ઞમાં આપવાનું અને દાદીની શ્રીમત હોય તો જ સેવામાં ઉપયોગમાં લેતા. ઘણા વર્ષો સુધી રાજયોગ ભવનની એક

નાની રૂમમાં તેમની ઓફિસ અને રહેઠાણ. જયારે ઈ.સ. ૧૯૮૫માં સુખશાંતિ ભવન તૈયાર થયું. ત્યારે તે ભવનના સૌથી નાનકડા એક રૂમમાં ઘણાં લાંબા સમય સુધી એક માત્ર સાદા પલંગ પર બેસીને યજ્ઞનો કારોબાર કર્યો. ક્યારેય કોઈ વિશેષ સુવિધા, સગવડ, અપેક્ષા કે વૈભવશાળી જીવનને મહત્વ આપ્યું જ નથી, એમ કહીએ તો પણ કહી ખોટું નથી. શરૂઆતના વર્ષોમાં ભારે શરીર હોવા છતાં એસ.ટી.ની સાદી બસમાં, મેટાડોર અને વિક્રમ રીક્ષામાં ફરી સેવાઓ આપી. યજ્ઞના વરિષ્ઠ દાદીઓ, ભાઈઓની સેવા માટે દાદીજીએ ૨૪૫૧ નંબરની એક એમ્બેસેડર કાર સેવા માટે આપેલ. પણ સાદગીને ધારણ કરેલ સરલાદીદી, દાદીજીની શ્રીમતને વળગી રહ્યાં. ક્યારેય પોતાની નીજી સેવાઓ માટે વાપરી નહિ. જયારે દાદી પ્રકાશમણિજીએ સામેથી કારનો ઉપયોગ કરવાનું કહ્યો ત્યારબાદ સેવામાં કારનો વપરાશ ચાલુ કરેલ. બાબા, મમ્મા, દાદીઓની સાદગીને સ્વયંના જીવનમાં અપનાવેલ તેનું પ્રત્યક્ષ પ્રમાણ એટલે સરલાદીદી.

સરળતા એટલે સરલાદીદી અને સરલાદીદી એટલે સરળતા, એવું ચોક્કસ પણે કહેવાય. સરળતા શબ્દનો પર્યાયવાચી અર્થ એટલે સરલાદીદી. આમ પણ દીદીના નામ પ્રમાણે ગુણ એમ સરળતાનો ગુણ તેમનામાં સમાયેલ હતો.

દીદીમાં સરળતા જાણે ભગવાને જાણે કુટી કુટીને ભરી દીધી હોય તેવું કાયમ પ્રતીત થતું. દીદીજીની સરળતાના ઘણા પ્રસંગ આજે નજર સમક્ષ આવે છે. રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ જેવા કોઈ વિશેષ મહેમાન હોય તો પણ એટલી સહજતા-સરળતા અને કોઈ નાના બાળક સાથે મુલાકાત હોય તો પણ તેટલી જ સરળતા અને સહજતા. દવાખાનામાં કોઈ અજાણ્યા દર્દીઓ હોય કે સહસા કોઈ મુલાકાત થયેલ કોઈ પણ વ્યક્તિ હોય સૌ કોઈ સાથે વાર્તાલાપ કરતા તેમના વ્યવહારમાં તેજ સરળતા. અવ્યક્ત બાપદાદાની સાથે મુલાકાત કરતા હોય કે પછી દાદીઓ હોય, કોઈ વરિષ્ઠ યજ્ઞના ભાઈ-બહેન હોય કે પછી થોડા સમયથી જીવન અર્પણ કરેલી નાની સાથી બ્રહ્માકુમારી બહેન હોય, દરેકની સાથે ખૂબ સહજભાવે હંમેશા એમનો વ્યવહાર. નિખાલસતા જાણે તેમની સાથે જોડાયેલી હોય એવું પ્રતીત થતું. સરળતાના ગુણ સાથે દરેકનું વ્યક્તિગત ખૂબ નાની-નાની બાબતોનું ધ્યાન રાખવું, પૂછવું અને પરવરિશ કરવામાં ક્યારેય કોઈ કચાસ દેખાતી નહીં. મોટો યજ્ઞનો કારોબાર કરવાનો, સેવા કાર્યમાં વ્યસ્ત હોવા છતાં પણ જ્યારે પણ તેમની સાથે અચાનક મુલાકાત થાય તો પણ સહજભાવે, સરળ સ્વભાવ સાથે એક-એક નાની-નાની વાતો રસપૂર્વક પૂછતા. યાદોનો ખજાનો અખૂટ છે અને સીમાઓ અનેક છે. માટે આવી વિરલ વિભૂતિના છત્રની અનુભૂતિ આજે પણ થાય.

**॥ ઓમશાંતિ ॥**

- **હે દયાથી ભરપૂર આત્માઓ, તમારા ભંડારમાંથી વિશ્વને અંજલિ આપી બધી સમસ્યાઓનું સમાધાન કરો.**
- **હંમેશાં પદ્મ બની દરેક કદમમાં પદ્મોની કમાઇ કરો. પદ્મ બનવું અર્થાત્ પરમાત્માના પ્યારા બનવું.**
- **જે વાત વીતી ગઇ છે તેને ભૂલી જાઓ. વીતેલી વાતોમાંથી બોધ લઈને ભવિષ્ય માટે સદા સાવધાન રહો.**

# પ્રસંગ પરિમલ

## અધ્યાત્મ વિશે

પુસ્તકિયા જ્ઞાનથી આત્મજ્ઞાન પ્રાપ્ત ન થઈ શકે. એક જ્યોત દ્વારા જ અન્ય જ્યોત પ્રગટી શકે છે. જીવાત્મામાં નવચેતનાનો સંચાર અને ઉચ્ચત્તર જીવાત્મા જ કરી શકે. આપણે ગમે એટલા મહાન પંડિત હોઈએ. આપણે ગમે એટલા પુસ્તકો વાંચેલા હોય તો પણ આપણામાંથી મોટા ભાગના લોકો આધ્યાત્મિક દૃષ્ટિએ શિશુ છીએ, કારણ કે અધ્યાત્મ માટે આપણી સાધારણ બુદ્ધિ કામમાં નથી આવતી. તે માટે તો શુદ્ધ બુદ્ધિ, અત્યંત સૂક્ષ્મ બુદ્ધિની આવશ્યકતા હોય છે. આવી બુદ્ધિ તર્ક દ્વારા પ્રાપ્ત થતી નથી. એ તો સત્સંગથી જ પ્રાપ્ત થાય છે. - સ્વામી વિવેકાનંદ

## સમય પાલન

અમેરિકાના તત્કાલીન પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટને તેમના સેક્રેટરીને મોડા આવવાનું કારણ પૂછ્યું. સેક્રેટરીએ કહ્યું, 'મારી ઘડિયાળ બરાબર ચાલતી નથી.' વોશિંગ્ટને કહ્યું, 'ઓ.કે. હવે આપણી પાસે બે વિકલ્પ છે, કાં તો તું ઘડિયાળ બદલાવી નાખ અથવા હું સેક્રેટરી બદલી નાખું.'

## વિશ્વાસ

એક માનવ જ્યારે ઓફિસમાંથી ઘેર આવતો હતો તે વખતે કૂતરીનાં ગલૂડિયાં તેને ઘેરી લેતાં હતાં. કારણ કે તે તેમને રોજ બીસ્કીટ આપતો હતો. ક્યારેક ચાર, ક્યારેક પાંચ, ક્યારેક છ ગલૂડિયાં રોજ આવતાં હતાં. તે રસ્તામાં તેમને પાર્લે બીસ્કીટ અથવા બ્રેડ ખવડાવતો હતો. એક વાર જ્યારે રાત્રે ઘેર આવતો હતો ત્યારે ગલૂડિયાંએ તેને ઘેરી લીધો. તેણે જોયું કે ઘરમાં બીસ્કીટ અને બ્રેડ બંને ખલાસ થઇ ગયાં હતાં. રાત પણ બહુ થઈ ગઈ હતી. એ વખતે દુકાન ખુલ્લી હોય તે સંભવ નહોતું. સર્વ ગલૂડિયાં બીસ્કીટની રાહ જોઈ રહ્યાં હતાં. કંઈ વાંધો નહીં, કાલે ખવડાવી દઈશ એમ વિચારીને તેણે પોતાના ઘરનો દરવાજો બંધ કરી દીધો.

ગલૂડિયાં હજુ પણ બહાર બીસ્કીટ મળવાની રાહ જોતાં હતાં. આ જોઈને એનું મન વિચલિત થઈ ગયું. પછી એને યાદ આવ્યું કે ઘરમાં મહેમાન આવ્યા હતા તેમના માટે કાજુ, બદામ અને બીસ્કીટ લાવ્યાં હતાં. એણે ફટાફટ દરવાજો ખોલ્યો તો તેમાં માત્ર સાત આઠ બીસ્કીટ જ હતાં. તેના મનમાં ખ્યાલ આવ્યો કે આટલાથી તો કંઈ થશે નહીં. એકનું પણ પેટ ભરાશે નહીં. તેણે વિચાર્યું કે દરેકને એક એક બીસ્કીટ આપીશ. તે બીસ્કીટ લઈને તે બહાર આવ્યો જોયું કે બધાં ગલૂડિયાં જતાં રહ્યાં હતાં. માત્ર એક જ ગલૂડિયું એ વિશ્વાસ સાથે બેઠું હતું કે કંઈક તો જરૂર મળશે. એને બહુ આશ્ચર્ય થયું. બધાં બીસ્કીટ એણે એની સામે મૂકી દીધાં તે ગલૂડિયું ઘણી ખુશીની સાથે તે ખાઈ રહ્યું હતું. પછી તે ચાલ્યું ગયું.

એ માનવે વિચાર્યું કે આપણ મનુષ્યોની સાથે પણ આવું થાય છે. જ્યાં સુધી ઈશ્વર આપણને આપે છે ત્યાં સુધી આપણે ખુશ થઈએ છીએ, એમની ભક્તિ કરીએ છીએ. એના ફળની રાહ જોઈએ છીએ. પણ આપણને ભગવાન તરફથી આપવામાં થોડું મોડું થાય છે તો આપણે એમની ભક્તિ પર શંકા કરવા લાગીએ છીએ. બીજી બાજુ જે એના ઉપર વિશ્વાસ રાખે છે તેને ઘણું મળે છે. દોસ્તો, એટલા માટે પોતાના પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને, પોતાના વિશ્વાસને કદી પણ ડગવા દેશો નહીં. જો મોડું થાય છે તો ભગવાન તમારા માટે કંઈ સારું કરી રહ્યા છે. **॥ ઓમશાંતિ ॥**

# જૂન માસની વૈવિધ્યપૂર્ણ મહાનતા

બ્ર.કુ. (ભોલી) પાયલ, ઉપલેટા

જૂન માસમાં ન્યારી પ્યારી ' મમ્મા ' સંગ મીઠા ' સરલાદીદી 'ના યાદ આજે સંસ્મરણ
માઁ સરીખી પાલના આપી બંનેએ કર્યું ' પરમ માતા 'ની શ્રીમતનું અનુસરણ ,
વિશ્વ યોગ દિવસે વિશ્વનિયંતાનો પરિચય પામી ખુશીયોથી ભરો અંત:કરણ ,
યોગાસન સાથે મનને શ્રેષ્ઠ સ્થિતિના આસને બેસાડી કરીએ શ્રેષ્ઠ આચરણ ,
ઓ મમ્મા-સરલાદીદી અમારું મન-ઉપવન આપની યાદોની સુંગધથી મહેકાય ,
અને રાજયોગના પ્રયોગથી તન-મનની તંદુરસ્તી સહજ રીતે જળવાય ....

**6 જૂન - ગુજરાતની આધારશિલા રાજયોગિની સરલાદીદીનો સ્મૃતિ દિવસ**

ગુજરાતના ડાયરેક્ટર પ્રાણ પ્યારા સરલાદીદીની યાદ આવે રુહાની પ્યાર ,
પ્રથમ મુલાકાતમાં બાબાએ આપ્યું વરદાન , બેટી કરશે પૂરા ગુજરાતનો ઉદ્ધાર ,
આપના ઉમંગભર્યા નેતૃત્વ હેઠળ ગુજરાતમાં થયો સેવાનો અકલ્પનીય વિસ્તાર ,
52 વર્ષોની આપની લગનથી ગુજરાત બન્યું મધુવન મહાયજ્ઞનો શ્રૃંગાર
ગુજરાતના ખૂણે ખૂણેથી આપની સમર્પણમયતાની કહાની આજે પણ સંભળાય ... ઓ મમ્મા -

**21 જૂન - વિશ્વ યોગ દિવસ**

પ્રત્યેક મનુષ્ય માટે ભલે હોય કઠિન પ્રાણાયમ કે અન્ય હઠયોગની સિદ્ધિ ,
પણ સામાન્ય માનવ માટે પણ સહજ છે ભારતના પ્રાચીન રાજયોગની વિધિ ,
પરમપિતા સાથે મન-બુદ્ધિનો મેળાવ - સંતુલિત દિનચર્યા , એ યોગનો આધાર ,
જેથી સદા રહે મન શાંત દિલ ખુશ તન દુરસ્ત જે છે સુખી જીવનનો સાર ,
સામુહિક યોગ તપસ્યાથી જ વિશ્વમાં શાંતિનું અટલ સામ્રાજ્ય સ્થપાય ...રાજયોગના પ્રયોગથી ...

**24 જૂન - યજ્ઞમાતા જગદમ્બા સરસ્વતી 'મમ્મા' નો સ્મૃતિ દિવસ**

યજ્ઞરક્ષક , કુશળ પ્રશાસિકા , મહાત્યાગી , એકાન્ત તપસ્વી , મિતભાષીતા ઘણી ,
જ્ઞાનદેવી સરસ્વતી , યોગની પાવનગંગા , આજ્ઞાકારી સેવાધારી , ધારણામાં શિરોમણી ,
વાણી વર્તનમાં શીતલા , દુર્ગુણના નાશમાં જ્વાલા , નયન રુહાની , સ્વભાવમાં સૌમ્યતા ,
' હુકમી 'ના હુકમમાં ગજબ નિશ્ચય , કુમારી છતાં પાલનામાં દિવ્ય વાત્સલ્યતા ,
' હર ઘડી અંતિમ ઘડી ' ની શાણપણભરી શિક્ષા આપની કેમ વિસરાય .... ઓ મમ્મા - સરલાદીદી

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં મે - ૨૦૨૨ માસની શબ્દાવલી ભાગ-૧૮ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૯ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા જુલાઈ-૨૦૨૨ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૯ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૧૯

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | | ■ | 5 | 6 | | 7 |
| 8 | | | | ■ | 9 | ■ | | ■ | |
| | ■ | ■ | 10 | 11 | | ■ | 12 | 13 | |
| 14 | 15 | | ■ | | ■ | 16 | ■ | | ■ |
| ■ | | ■ | 17 | | 18 | ■ | 19 | | ■ |
| 20 | | 21 | ■ | ■ | 22 | | | ■ | 23 |
| 24 | | | ■ | 25 | | ■ | | ■ | ■ |
| 26 | | | ■ | ■ | 27 | | | | 28 |
| 29 | | ■ | 30 | 31 | ■ | ■ | | ■ | |
| ■ | ■ | 32 | | | | | | ■ | |

## શબ્દાવલી ભાગ-૧૮ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ગુ | 2 મ | ■ | ■ | 3 સં | 4 ગ | ■ | 5 વૈ | 6 શા | ખ |
| 7 જ | ગ | 8 દી | શ | ભા | ઈ | ■ | 9 રા | હી | ■ |
| રા | ■ | લ | ■ | ર | ■ | 10 ભા | ગ્ય | ■ | 11 પ |
| 12 ત | લ | વા | 13 ર | ■ | 14 તા | ર | ■ | 15 ભા | વિ |
| સ્થા | ■ | 16 લા | જ | ■ | 17 સી | ત | 18 મ | ■ | ત્ર |
| પ | ■ | ■ | વા | ■ | ર | ■ | ધ | ■ | તા |
| ના | ■ | 19 ગ | ડી | 20 અ | ■ | 21 પા | ર્સ | 22 લ | ■ |
| 23 દિ | 24 વો | ■ | ■ | 25 ખા | સ | ■ | 26 ડે | લ | ■ |
| 27 વ | ટ | સા | 28 વિ | ત્રી | ■ | 29 ધ્યા | ■ | 30 કા | લ |
| 31 સ | ર | ■ | 32 ન | જ | રો | ન | જ | ર | ■ |

**આડી ચાવીઓ -**

1. પૂર્વ ગુજરાત ઝોન ઈન્ચાર્જ (૫)
5. 'બ્રધરહુડ' શબ્દનો ગુજરાતી અર્થ (૪)
8. સુંદર (૪)
10. બ્રહ્માકુમારી ..... ઈન ધ વર્લ્ડ (૩)
12. પ્રેમ .... ધન પાયો (૩)
14. બિંદી (૩)
16. જનની, માતા (૧)
17. મધુબનમાં બાબાની ....(૩)
19. 'પુલ' શબ્દનું અંગ્રેજી (૨)
20. તેરી .... મેં પલતે હૈ (૩)
22. કરિયાવર (૩)
23. 'કોટન'ને ગુજરાતીમાં .... કહેવાય (૧)
24. નિર્ણયશક્તિના ચિત્રમાં .... નિશાની છે. (૩)
25. જ્ઞાનની ... અને યોગની જમુના (૨)
26. કેબલ, તાર (૩)
27. યોગીનો એક પ્રકાર (૫)
29. કચ્છનું ... પ્રખ્યાત (૨)
30. 'મેરા' શબ્દનો ગુજરાતી અર્થ (૨)
31. યજ્ઞની પાંચ ચીડિયામાંના એક દાદી (૬)

**ઉભી ચાવીઓ -**

1. વિદ્યાની દેવી (૪)
2. 'રમ' શબ્દ લખો (૨)
3. ભેટ, ઉપહાર, સૌગાદ (૨)
4. ... વહાલનો દરિયો (૩)
5. 'શક્તિ નિકેતન' હોસ્ટેલ ... શહેરમાં છે. (૩)
7. માતા-પિતાનું નામ ... કરીએ (૩)
9. લાસ્ટ સો .... સો ફ
11. .... બિગેન્સ એટ હોમ (૩)
13. 'જકાત' શબ્દને ઉંધો લખો (૩)
15. સતયુગમાં રાજ્ય કરનાર (૬)
18. સ્મારક (૪)
19. ૩ જૂન .... નો સ્મૃતિ દિવસ (૬)
20. જીવનરૂપી નૈયા કી ... પ્રભુ કો અર્પણ (૪)
21. ... હાજીર હૈ (૩)
28. સંગીતનું એક વાજીંત્ર (૩)
30. ... ઓ માતા, તું હૈ ભાગ્યવિધાતા (૨)
32. કમરો, કક્ષ, ઓરડો (૨)



અમદાવાદ વસ્ત્રાપુરમાં 'કિડ્ઝ સમર કેમ્પ'ના સમાપન કાર્યક્રમમાં બાળકો સાથે બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ.નીરૂબેન, બ્ર.કુ. જાનકીબેન.




કિલ્લા પારડીમાં આયોજીત 'બાળવ્યક્તિત્વ વિકાસ શિબિર' દરમિયાન ચિત્રસ્પર્ધામાં ભાગ લેનાર બાળકોના સમૂહ સાથે બ્ર.કુ. પારૂલબેન.



ગોંડલ સેવાકેન્દ્ર ખાતે 'બાળ વ્યક્તિત્વ વિકાસ રીટ્રીટ'માં ભાગ લેનાર બાળકોના સમૂહ સાથે બ્ર.કુ. ભાવનાબેન.



ગાંધીધામમાં 'મધર્સ ડે'ના ઉપલક્ષ્યમાં VSSS મહિલા મંડળ દ્વારા આયોજીત સ્નેહમિલન બાદ ઉપપ્રમુખ ભગિની સુજાતા પ્રધાન સાથે બ્ર.કુ. સરિતાબેન, બ્ર.કુ. રેખાબેન તથા અન્ય મહિલાઓ.



અમદાવાદ નારોલમાં 'મહિલા દિવસે' આયોજીત વેશભૂષા કાર્યક્રમમાં વિવિધ સ્વરૂપોમાં નારીઓ સાથે બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. સંધ્યાબેન.



સુરતમાં આયોજીત શિક્ષકોના સ્નેહમિલનમાં સંદેશ આપતાં બ્ર.કુ. ડૉ. સ્વામીનાથનભાઈ તથા સભામાં ૪૫૦થી વધુ શિક્ષકો.



વાંસદામાં 'પ્રજ્ઞામંદિર બહેરા-મુંગા'ની સ્કુલના આચાર્ય ભગિની જ્યોતિબેનને ડમ અને ડફ બાળકો માટે પ્રદર્શનનો અંક ઈશ્વરીય ભેટમાં આપતા બ્ર.કુ. સાધનાબેન.




અમદાવાદ અસલાલી ગામમાં 'ધી અસલાલી સેવા સહકારી'ના નવીનીકરણ બાદ ચેરમેન ઘનશ્યામભાઈ અમીનને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. જયાબેન.

**Gyan Amrit** Vol.15 | Issue 06 | June 2022| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




કચ્છ–ભૂજમાં ‘આત્મનિર્ભર કિસાન સંમેલન’ના શુભારંભ કાર્યક્રમમાં કેન્દ્રિય કેબીનેટ મંત્રીશ્રી પુરૂષોત્તમ રૂપાલા, MLA ભ્રાતા પ્રદ્યુમનસિંહ જાડેજા, સાધ્વીજી શિલ્પીજી, જીલ્લા પંચાયત પ્રમુખ શીલાબેન કારા, નગરપતિ ઘનશ્યામભાઈ ઠક્કર, બ્ર.કુ. રક્ષાબેન તથા અન્ય મહાનુભાવો.



કેશોદમાં ‘એરપોર્ટના લોકાર્પણ’ પ્રસંગે પધારેલ ભારતના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ભ્રાતા જ્યોતિરાદિત્ય સિંધિયાને ઈશ્વરીય ભેટ અર્પણ કરતાં બ્ર.કુ. રૂપાબેન બાજુમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, બ્ર.કુ. ગીતાબેન.



ચિલોડા ખાતે ભારતીય વાયુસેનાના બ્રિગેડીયર ભ્રાતા મૂથુકુમાર SM સાથે શુભેચ્છા મુલાકાત કરી ઈશ્વરીય નિમંત્રણ આપતા બ્ર.કુ. તારાબેન તથા કર્નલ બી.કે. ગણેશભાઈ.



વડોદરા મંગલવાડીમાં ‘સડક સુરક્ષા અભિયાન’ અંતર્ગત બાઈક રેલીના સમાપન સમારોહમાં આશીર્વચન આપી બાઈકર્સને સર્ટીફીકેટ આપતાં બ્ર.કુ. રાજબેન તથા અન્ય બ્ર.કુ. બહેનો.



અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે ‘નારી સન્માન’માં ઉદ્દઘાટન કરતાં બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ડૉ. મમતાબેન, ગીતકાર સ્વાતિ શાહ, નૃત્યાંગના મીરલ પટેલ, લોકાર્પણ ફાઉન્ડેશનના પ્રમુખ પદ્મિનીબેન, જમાયતે ઇસ્લામ હિન્દના સેક્રેટરી આરેફા પરવીન, ક્રિના જૈન, હીરાબેન.



વડોદરા અટલાદરામાં ‘સડક સુરક્ષા અભિયાન’ના શુભારંભ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ, ડેપ્યુટી મેયર નંદાબેન, સ્ટેડિંગ કમિટી ચેરમેન હિતેન્દ્રભાઈ, ટ્રાફિક DCP જુલી કોઠીયા, ACP SHE ટીમ રાધિકા, ઉદ્યોગપતિ દિલીપભાઈ, બ્ર.કુ. રાજબેન તથા બ્ર.કુ. અરુણાબેન.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com